૧૧/૧૫ . ૩૮

હખામનીઅન શેહેનશાહતની જાહોજલાલી

૫૮૯

યાને

હખામનીઅન વંશની પારસી શેહેનશાહત કેવી જાહો-
જલાલી ભોગવી ગઈ છે તે વાચેનો
જાણવા જોગ ટુંક ઇનતેખાબ.

૫૮-૨૭

(હખામનીઅન તવારીખોનાં જુદાં જુદાં પુસ્તકો ઉપરથી સંગ્રહ કરીને)

લખનાર

એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી

તે

પ્રી-સની પધરામણી, દાદગાહે નોશેરવાંન, પુરાતન આતશખાના
જરથોસ્તી ધર્મની ભેતે ?રી, તથા દરપશે-કાવાનીના કર્તા

મુંબઈ મધે:

ધોબીતલાવ નંબર ૮૭૨ વાળાં મકાનમાં
મુંબઈ વર્ત ?ન છાપાખાનામાં
મંચેરજી હો ?જી જાગોસે છાપ્યું છે.

યઝદેઝર્દ

હખામનીઅન શેહેનશાહતની જાહોજલાલી

યાને

હખામનીઅન વંશની પારસી શેહેનશાહત કેવી જાહોજલાલી ભોગવી ગઈ છે તે વીશેનો જાણવા જોગ ટુંક ઈનતેખાબ.

૫૮-૨૭

(હખામનીઅમ તવારીખોનાં જુદાં જુદાં પુસ્તકો ઉપરથી સંગ્રહ કરીને)

લખનાર

એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી

તે

પ્રીન્સની પધરાંમણી, દાદગાહે નોશેરવાંન, પુરાતમ આતશખાના જરથોસ્તી ધર્મની મોતેબરી, તથા દરપશે-કાવાનીના કર્તા

મુંબઈ મધ્યે:

ભાખીતલાવ નંબર ૮૭૨ વાલાં મકાંનમાં

મુંબઈ વર્તમાન છાપાખાનામાં

મંચેરજી હોશંગજી જાગોસે છાપ્યું છે.

યઝદેઝરદી સને ૧૨૬૪—ઈસ્વી સન ૧૮૯૫.

કીંમત બે આના.

દીબાચો.

આ નાનકડી ચોપડીનું મંડાણ કરવા-આગમંજ દીન અને દુન્યાના નેક અને કદીમ તરીકા પ્રમાણે જગતના પેદા કરનાર તે અશો અહુરમજદ અને તેના બરહક પયગંબર અસો જરથોસતનાં પવીત્ર અને મુબારક નામોની મદદ તથા બરકત હું ચાહું છું. ઇરાંનની કદીમ "હખામનીઅન શેહેનશાહત," જેને લગતા કેટલાક બહુ જાણવા જોગ બનાવોની ચુંટી કાઢેલી વીગતો આ ચોપાંનીયામાં આપવામાં આવેલી છે, તે પારસીઓના અસલી નયાગાનોની પસાર થઇ ગયલી પાંચ શેહેનશાહતોમાંની એક હતી, અને તેની જાહોજલાલી, સતા, વીસ્તાર, નેકનામી, તથા ખુબી પણ બહુ મોટી હતી. પણ તે છતાં તેની માહીતી આજના તેના બાકી બચેલા મુઠ્ઠીભર પારસી વંશજો જાજી ધરાવતા નથી, તેમજ તેના વીષે તેમનામાં ઉલત અને દીલસોજી પણ જેવી જોઇયેતેવી જોવામાં આવતી નથી. તેનો સબબ એ નથી કે, પારસીઓ પોતાનાં કદીમ વતન તથા જાહોજલાલી ભરેલી શેહેનશાહત તરફ તદન બેદરકાર છે. પણ ખરૂં કારણ એ છેકે, જેમ પારસીઓની અસલી ચાર શેહેનશાહતો, નામે પેશદાદ, કયાની, અશકાની, તથા સાસાની, એમની તવારીખ જુના વખતથી તેઓમાં જાણીતી તથા પલોટાયલી છે, એવી રીતે હખામનીઅન શેહેનશાહતની તવારીખ તેમના વચ્ચે સાધારણ થઇ પડેલી નથી. શાહાનામાં તથા બીજા પુસતકોમાં તો તેનું નામ નીશાન કાંઇ મલેજ નહીં. ચાલુ સદીની શરૂઆત સુધી તો હસતીનો કોઇને ખ્યાલ વટીક નહીં હતો; પણ ઇરાંની પહાડો ઉપર કોતરાયલા પુરાતન ખીલા શેકા લેખોનાં ઉકલાણથી, અને અસલી યુનાની તવારીખનવેશોનાં લખાણોમાં આવેલી ચોકસ નોંધો ઉપરથી, એ બંનેને સાથે મેલવી તેની મદદ વડે અર્વાચીન યુરોપ્યન તવારીખ નવેશોએ એ તવારીખ મોટી કોશેસથી ઉપજાવી કાઢી છે, અને નવી નવી શાહદતો તથા શોધખોલોથી ટેકા મલતાં તેનાં ખરાંપણાં વીષે હવે કશો શક રહયો નથી. એ તવારીખથી સાબેત થયુંછે કે, પારસીઓની પુરાતન શેહનશાહતો .માત્ર ચાર નહીં પણ પાંચ થઇ ગઇછે, જેઓમાંની ત્રીજી આ હખામનીઅન શેહેનશાહત છે. એ શેહેનશાત બહુ મોટી, બલવાન, જાહોજલાલી ભરેલી, અને પારસીઓની અસલ ગરૂરીમાં વધારો કરનારી થઇ ગઇ છે. એવી એક શેહેનશાહત વીષે પારસીઓ હજુર ઓછા માહીતગાર રહે, એ મને પસંદ કરવા જોગ લાગયું નહીં. મારા અદના અભ્યાસમાં એ શેહેનશાહતના વર્ણનણો વાંચતાં, તેમાં એવું ઘણું મારા જોવામાં આવ્યું કે જે જો મારા જાત ભાઇઓની નજર આગલ મેલાય, તો તેમનો જુસો પોતાના અસલ વતન, અસલ ધરમ, અને અસલીઅત તરફ વધુ દોડયા વગર રહે નહીં, અને તેમને નીતી અને નસીહતના ધડા પણ ઘણા ઉમદા મલે. એ તવારીખનાં મોટાં અને આખાં પુસ્તકો ખરીદવા તથા તે વાંચવાની તકલીફ લેવાને ઘણાઓ કંટાલે છે, પણ તેમાંનાં વીણી કાઢેલાં ઝવેરોને જો ટુંકા તથા સુતરા આકારમાં રજુ કરવામાં આવે તો, તે તેઓ ઉલટથી વાંચી એક લંબાણ બાબતનો સાર મેલવી લેવાને પછાત પડે નહીં એ કારણે, મેં મારી અદના શકતી પ્રમાણે હખામનીઅન શેહેનશાહતનાં પુસ્તકોમાંથી ચુટણી કરી આ નીબંધ તઇયાર કરયો હતો; અને તેને "ઝોરાસ્ત્રીઅન કેલેન્ડર અથવા પારસી પંચાંગ"નાં ચાલુ સાલનાં પુસ્તકમાં, તેના ભલા અને દીનદાર માલેક શેઠ મંનચેરજી હોશંગજી જાગોશે દાખલ કરીને, મારી મેહેનતની કદર પીછાની હતી. ત્યારબાદ, એ બાબત પારસી કોમમાં વંચાતાં તેમના તરફથી પણ તેની કદરશનાસી થયલી જણાય છે; કેમકે અનેક તરફથી એ લખાણ બાબેનો સંતોષ મને જાહેર કરવા સાથે, એ લખાણને ચોપડીનાં રૂપમાં એલાહેદું પ્રગટ કરી નવેસરથી ફેલાવવાની ખાહેશ દેખાડવામાં આવી છે. તે ખાહેશનું વાજબીપણું સ્વીકારી આ ચોપડી પ્રગટ કરવાનું મેં દરૂસ્ત વીચારયું છે; અને તેમ કરતાં હું એટલીજ ઉમેદ રાખું છું કે, મારા હમજાતી ભાઇઓએ જેમ મારાં આગલાં લખાણને આશરો આપ્યો છે તેમ એને પણ આપી, એ જાતનાં મારાં કામમાં મચેલો રહેવાનું મને વધુ ઉતેજન આપશે એવી ઉમેદ રાખુછું.

રોજ ૨૦ મો માહા ૪ થો સને ૧૨૬૪ યજદેજરદી.

લા૦ એ. દા. ખ. દોરડી.

અર્પણ પત્ર.

પુરાતન જમાનાના હુખામનીઅન વંશના

જગપ્રસીદ્ધ પારસી શેહેનશાહ સાઇરસ (કુરૂશ)

કે

જેણે પેહેલ વેહેલો પારસી શેહેનશાહતનો પાયો નાખી

દુન્યામાં પારસી કીરતીનું નામ પેહેલ વેહેલું

આશકારા કીધું તેની આ માહાભારત

ફતેહની યાદમાં આ નાનો

રેસાલો તેના

અશો રૂહને કર્તાએ સંપુર્ણ માન સાથે

અર્પણ કર્યો છે.

હખામનીઅન શેહનશાહતની જાહોજહલાલી

યાને

હખામીન્યન વંશની પારસી શાહાનશાતને લગતા કેટલાક જાણવાજોગ બનાવોની ચુંટી કાઢેલી વીગતો.

(હખામનીઅન શેહનશાહતને લગતાં તવારીખોનાં પુસતકો ઉપરથી
લખનાર **એરવદ દાદાભાઇ ખરશેદજી દોરડી.**)

આપણી જરથોશતી કોમના અસલ વડીલોના થઇ ગયલા ચાર પાદશાહી તબક્કા માહેલા પારસ શેહેરના હખામીન્યન વંશના પાદશાહો કેવા નામાકીત થઇ ગયા છે, તેમનાં રાજ્યનો વિસ્તાર દુનિયાના ચોખુણ ભાગોમાં કેવો ઓહોળો ફેલાવો પાંમેલો હતો, તેઓનાં લશ્કરનું કેવું રાક્ષસી બળ હતું, તેમાં ખુસકીનું કેટલું અને દરયાઇ બળ કેટલું હતું, તેમના ઇજનેરોની કાબેલ્યત કેવી હતી, તેઓના શાહાનશાહી મેહેલો કેવા બુલંદ અને દમામભરયા હતા, પારસી બાહાદુર શીપાહો લડાઇ વેળા કેવા ચીવટપણે હીંમત રાખી લડતા હતા, તથા તેમના લશકરી પોશાકો અને હથયારો કેવાં હતાં, ચઢાઇ લઇ જતી વખતની ગોઠવણ, તથા લડાઈમાં સફ ખેંચવાની તેમની કુનેહ કેવી હતી, દરયાઈ લશકરની મનવારો કેવી હતી, અને તેઓ કેમ લડાઈ કરતા હતા, તેઓનાં કેમીસેરયત ખાતાંની લડાઇના હિંગામ વેળાની વખાણવા લાયક ખુબી કેવી હતી તથા પાદશાહોનો મોહોટો દમામ અને દરજ્જો, તેઓના બેકીંમતી પોશાકો અને બીજા પેહેરવાસો, અને તેઓનાં પાદશાહી ખાણાંની ટેબલોનો દમામ, તેમના મેહેલોમાં નામીચા સીનગારો; તેઓએ કીંમતી ધાતુનાં બાંધેલાં એબાદતખાનાંઓ, છેલ્લાં એ શેહેનશાહત સથાપનાર માહતમાં **સાઇરસનું** વૃત્તાંત ઈત્યાદી બાબદોને લગતી ટુંક ટુંક **જાણવા** જોગ નોંધો ચુંટી કાઢીને નીચે આપ્યો છીએ :—

હખામન્યન શેહેનશાતના ઓહોળા વિસ્તારની હદ—હખામન્યન વંશના પારસી શાહનશાતનો પાયો નાખનાર માહાતમા સાઈરસ (કુરૂસ) ઈ૦ સ૦ પુ૦ ૫૨૯) મા મરણ પાંમવા પછી તેનો બેટો કમબાંઈસીસ તખ્તે બેઠો હતો. ખીલારોકીતખતીમાં એ પાદશાહનું નામ "કબુજ્ય" કરીને લખેલું મળે છે.

પાદશાહ સાઇરસે પોતાની ૨૯) વરસની ચાલુ ખંત અને મેહેનતથી જીતેલા મુલકોપર, તેના પછી જોકે તેનો વડો બેટો કમબાઇસીસ પાદશાહત ચલાવા લાગ્યો, તો પણ તેના બીજા બેટા નામે સ્મરદીસને કેટલાક મોહોટા પ્રાંતોની હાકમી પોતે જીવતાં જીવત બક્ષી ગયો હતો. ખીલારોકી તખતીમાં એ શાહાજાદાને 'બર્દીય' કરી લખયો છે. એના વિષે કબુજ્યને હસદ પેદા થઇ હતી, અને કદાચ તે બળવો ઉઠાવી ઈરાનનાં રાજનો પોતે ધણી થઇ બેસશે એવી ખોટી ધાસ્તી રાખીને તેણે પોતાના ભાઇને ઘણીજ છુપી રીતે મારી નખાવ્યો હતો. આ ખુન તેણે એટલું તો છુપયું રાખયું હતું કે તે વિષે ઇરાનીઆલમને બીલકુલ ખબર ન હતી. પણ એ વાતથી એક મગુસ યાને માજી ધર્મ-ગુરૂ નામે પાતીજીથીસ વાકેફ હતો. એ ઘણી ઉપર કબુજ્યને પુર એતબાર હતો, અને જ્યારે તે મીસર દેસ ઉપર જાતે ચઢાઇ લઇ ગયો ત્યારે પોતાના મેહેલનો સઘળો કારોબાર મજકુર મગુસને સોંપી ગયો હતો. ઘણી લાંબી મુદત ગુજરવા છતાં જ્યારે પાદશાહ મીસર ખાતેથી પાછો ફરયો નહીં, ત્યારે આ માજી ધર્મ-ગુરૂની દયાનત બીગડી, અને તક જોઇને મરહુમ બર્દીય (સ્મર્દીસ)નું નાંમ પોતે ધારણ કરીને ઈરાનનું તખત પચાવી જવા-

નો મનસુબો કરયો. હીરોડોટસ જણાવે છે તેમ તેને પોતાના એક ભાઇથી એ કામમાં મોહોટી સેહેલાઈ મળી હતી. કહે છે કે આ ભાઈનું નામ પણ સ્મરદીસ હતું અને તેનો ચેહેરો પણ મ-રનાર સ્મરદીસના જેવોજ હતો, પણ આગળ કાંઇક તકસીરના સબબથી પાદશાહ કુરૂસે તેના બંને કાનો કપાવી નાખયા હતા. ખીલારોકી તખતીઓમાં એ શખસને 'ગોમાત-મગુસ' કરી લખયો છે. એ દગાબાજ મગુસ ઇરાનનાં તખત ઉપર ચઢી બેઠો અને પોતાને માહાત્મા પાદ-શાહ કુરૂસના બેટા બર્દીય તરીકે જાહેર કરવા લાગ્યો. તેના ભાઈ પાતીજીથીસે તેનાં નામની દુવાઇ ફેરવી. આ બનાવની ખબર મીસર તરફ જ્યારે કબુજ્યને પોહોંચી ત્યારે બનતી ઝડપથી તે મંજલ દર મંજલ રાહ કાપતો ઇરાન તરફ આવવા નીકળી પડયો, પણ રસ્તામાંજ કાંઇ સબ-બથી મરણ પામ્યો. આથી પેલા દગાખોરને સામી પોતાના કામમાં મજબુતી મળી; તેણે એવી કુનેહથી રાજ ચલાવા માડયું કે કેટલાક મહીના સુધીતો તેની ઠગાઈનો સંસારો વટીક કોઇને માલુમ પડયો નહી. વળી કમબાઈસીસ ફરજંદ વગર મરણ પામ્યો હતો તેથી તેનો ભાઇ સ્મર્દીસ, જેને લોકો હજી હૈયાત માનતાં હતાં તેનો કુદરતી રીતે તખ્ત ઉપર પેહેલો હક હતો. એવી રીતે તે મરનાર શાહાજાદાનું નામ ધારણ કરી બેઠેલા આ ઠગારાને બધી તરફથી સેહેલાઇ થઈ પડી. તેને ઇરાન, મીડીઆ અને બીજા સઘળા પ્રાંતો તાબે થયા, અને આમ વગર હકને સાત મહીના સુધી તેણે પાદશાહી ચલાવી.

પણ અંતે તેની લુચ્ચાઇ તથા દગાબાજી માલુમ પડી આવી. તેની કેટલીક હીલચાલો પરથી ઇરાનના સાત આગેવાન ઉમરાવોને તેનાં ખરાંપણાં બાબે શક ઉત્તપન થયો. તેઓ છુપી જુસ્તેજુથી પોતાના શક માટે લગભગ ખાતરી કરી ચુંકયા હતા, તેટલાં વળી કંમબાઇસી-સના હુકમથી ખરા સમરદીસનું છુપી રીતે જે ધણીએ ખુન કીધું હતું, અને જેને અત્યાર સુધી આ ઠગારાએ પોતાના હાથમાંજ રાખ્યો હતો, તેણે ઇરાની આલમના એક મોહોટા મેળા-વડા આગળ ખરા સ્મર્દીસના ખુનનો એકરાર કરીને તેને નામે તખ્તે બેસનાર એક લુચ્ચો અને ઠગારો હતો એ વાત ખુલ્લે ખુલ્લી જણાવી દીધી. આથી એક ગમથી ઇરાની પ્રજા મગુસો ઉપર ઉશકેરાઇને તેમની કતલ ચલાવા લાગી અને બીજી ગમથી ઉપલા સાત ઉમરાવોએ પાદ-શાહી મેહેલમાં એકદમ ધસી જઇને એ ઠગારા તથા તેના ભાઈનો જાન લીધો.

એ સાત ઉમરાવોમાં એક વીસ્તાસ્પનો બેટો દારયુશ હતો. તે હખામની ખાનદાનનો નબીરો હતો તથા માહતમાહ કુરૂસનો દામાદ થતો હતો. વળી તે બાહાદુર અને બાહોશ જવાન હોવાથી પાદશાહી કુટુંબમાંથી તેનેજ આ ધાસ્તીભર્યા હીંગામમાં તખ્તને માટે પસંદ કરવામાં આવ્યો હતો, જે મરતબાને તે બરોબર લાયક થઈ પડયો હતો. એ બનાવની વખ્તે તેની ઉમર ૨૮ વરસની હતી અને હજુ તો તેનો બાપ વિસ્તાસ્પ હૈયાત હતો, અને પર્સીસ પ્રાં-તની હાકમી ભોગવતો હતો.

તે સસરાના તખ્ત ઉપર ઇ૦ સ૦ પુ૦ ૫૨૨ માં બેઠો. પણ એ બનાવ બનવાની આગ-મચ, સાઇરસે નવા જીતેલા દેશોમાં કેમબાઈસીસના રાજય વેળા બળવો જાગ્યો હતો, તે દરાયસે તખ્ત ઉપર અવતાંજ પોતાની જાતી ચંચલ બુદ્ધિથી દાબી નાખ્યો. તે પછી બીજા નવાં દેશો-પર ચઢાઇ લઇ જઇને ફતેહો મેળવ્યાથી, ઇરાની શાહાનશાહત દુનિયામાં અતી બોહલા વિસ્તા-રમાં ફેલાઇ ગઇ હતી, તેમજ ત્યારબાદ રાજયમાં કાયદા કાનુનો મુકરર કરીને સાઇરસની શાહ-નશાતને મજબુત પાયા ઉપર તેને લાવી મુકી હતી.

ઉપલી તવારીખને મલતી બાબદ બેહેસતુનવાલા પાહાડ ઉપર શેહેનશાહ દારાંયસ હીસ-તાસપીસે પોતાના રાજયની કારકીરદીનો એક માહાભારત લેખ ખીલારોકા હરફમાં કોતરા-વયો છે, તેમાં પેલો ઠગારો "ગોમાત મગુસ" કોણ હતો અને તેને મારી તે ઇરાની તખત ઉપર કેમ બેઠો તે વીશે લંબાન બાબદમાં તે એમ જણાવે છે કે,—

"પાદશાહ દરાયસ કેહે છે જે, હું પાદશાહ થયો તેની આગમજ મેં આ કામો કરયાં છે. મારી આગમજ અહીંઆં અમારા ખાનદાનવાળા કુરઉસ (સાઈરસ) નો છોકરો કબુજીયા (કમબાઈસીસ) પાદશાહ હતો. હવે આં કબુજીયાનો (બારદીઉસ) નામે એક ભાઇ હતો જેનાં મા અને બાપ તેજ કબુજીયના પણ મા બાપ હતાં. પાછળથી એ કબુજીયએ (કમબાઇસીસે) પેલા બારદીય (બારદીઉસ) ને કતલ કીધો. જારે કબુજીયએ (કમબાઇસીસે) બારદીયને કતલ કીધો તારે તેણે જે ફીસાદ રાજમાં ઉઠાવીઓ હતો તે તદનજ નરમ પડી ગયો હતો. કબુજીય હવે જારે મીસર (મદરાય) દેશ ગયો તારે રાજમાં વળી નાપરમાની ઉઠી અને ઇરાન (પારસીય) તથા મીદીઆ (માંદઇય) ના બંને દેશોમાં તથા આખાં રાજના બીજા મુલકોમાંથી લોકો જુઠું ઘણુંજ બોલવા લાગ્યા."

"પાદશાહ દરાયસ કેહેછે જે, કોઇએક મગુસ (મેજીઅન) નામે ગોમાટ (ગોમાતીસ) કરી હતો. તે પીશીયાઉવાદા (પીસીઆચાદા) ના અરકાદરીસ નામના પાહાડમાંથી નીકળી આવીઓ અને વીયખન મહીનાની ૧૪ મી તારીખે બંડ ઉઠાવી રાજમાં તેણે આ પ્રમાણે જુઠો શોહોરો કાહાડીઓ જે, સાઇરસનો છોકરો અને કમબાઈસીસનો ભાઇ બરદીઅસ તે હું છું. એથી તમામ રાજમાં બળવો ઉઠીઓ. બંને ઇરાન તથા મીદીઆ અને બીજાં મુલકો વટીક પણ કમબાઇસીસના હાથમાંથી પેલા બારદીઅસના હાથમાં ગયા અને તે આખી શેહેનશાહતનો પછી ગરમપદ મહીનાની ૯ મી તારીખે પોતે શેહેનશાહ તથા માલેક થઈ બેઠો. હવે કબુજીય (કમબાએસીસ) પોતા ઉપર આવી પડેલી જફા નહીં ખમી શકીઆથી પછી અપઘાત કરી પોતે મરણ પામીયો."

"પાદશાહ દરાયસ કહેછે જે, મગુસ (મેજીઅન) ગોમાટે (ગામાટીસે) કબુજીયા (કમબાઇસીસ) શોડેથી જે તાજ (યાને રાજ) લઈ મેલ્યું તે તાજ અમારા ખાનદાનમાં ઘણા અસલી જમાનાથી ચાલતું આવેલું હતું. હવે ગોમાટ મગુસે કબુજીય પાસેથી ઇરાન, મીદીઆ તથા તેના તાબા હેઠલના બીજા મુલકો જીતી લીધા બાદ પોતે પોતાની મરજી પ્રમાણે ચાલવા માંડીઊ તથા તે પોતે પાદશાહ થઇ બેઠો."

"પાદશાહ દરાયસ કેહેછે જે, નહી કોઇ ઇરાની કે નહી કોઇ મીદીઅન કે નહી કોઈ અમારા ખાનદાનનો શખસ એ મગુસ ગોમાટીસ જે હવે તાજનો માલેક થઇ બેઠો તેની સામે થવા હીંમત કરી શકીઆ. આખું રાજભી તેની સામે થવા ઠરડર કાંપવા લાગયું. ખરા બારદીઉસને જેઓ ઓળખતા હતા તેઓ રખેને મારે વાસ્તે એમ કહેજે, સાઈરસનો છોકરો બારદીઅસ તે હું નથી તેથી વારંવાર લોકો આગળ એ ભાપણો એમ કરી સંભળાવતો હતો જે, તેવા શખસોના બોલવા ઉપર તમારે કાંઇપણ ભરોસો લાવવો નહીં. જાંહાંસુધી હું આવીઓ તાંહાંસુધી એ મગુસ ગોમાટીસની આસપાસ સઘળાઓ તાજીમતવાજેથી ઉભા રેહેતા હતા અને કોઇ એવો હીંમતવાન શખસ નહીં હતો જે પોતે તેની સામે થઇ શકે. તારે મેં હોરમજદની સેતાએસ કીધી. હોરમજદ મને મદદગાર થયો કે જેથી મેં બાગીઆદેશ મહીનાની ૧૦ મી તારીખે મારા હમસરીકોની સાહેતાથી એ મગુસ ગોમાટીસને તથા તેના મુખ્ય મદદગારોને મારી નાખીઆ. સીખતાવતીસ (સીકતાચોતીસ) નામના મીદીઆ દેશના નીસાય (નીસીઆ) નામનાં પ્રાંતનાં એક કીલ્લામાં મેં તેની સોડેથી આ શેહેનશાહતને છીનવી લઇને તેને પછી મારી નાખીઓ. હોરમજદની કરમબક્ષીસથી હું પાદશાહ થયો, હોરમજદે મને એ રાજપાટ બક્ષયું."

"પાદશાહ દરાયસ કેહેછે જે, જે તાજ અમારા ખાનદાન સોડેથી છીનવી લેવામાં આવીઊ હતું તે મેં પાછું મારે હાથ કરી લીધું. મેં તેને મારા વડીલ (સાઇરસ) માફક વળી મજબુત પાયા ઉપર રચીઊ. મગુસ ગોમાટીસે જે કીઆ કાનુંનો દાખલ કરીઆં હતાં તેઓને મેં અટકા-

વીઆં. રાજમાં વળી મેં પવીત્ર ગીતો (ગાથાવાણી) તથા યજશનેનાં કામો ફરીને દાખલ કીધાં અને એ કામ જે કુટુંબો સોડેથી મગુસ-ગોમાટીસે છીવણી લીધાં હતાં તેઓને ફરીને મેં સ્વાધીન કીધાં. ઇરાન તથા મીદીઆ અને બીજા મુલકોમાંથી રાજને મેં પાછું મજબુત પાયા ઉપર સ્થાપીઉં. હમારી સોડેથી જેબી કાંઈ લઈ લેવામાં આવીઉ હતું તે મેં મારા નેઆએગાન (કુરૂસ) માફક આ પ્રમાણે સઘળું પોતપોતાની જગા ઉપર પાછું લાવી મેલયું અને એ સઘળું મેં હોરમજદની મદદથી કીધું. ઘણી જેહેમત ખેંચી અમારા કુટુંબને પાછું મેં પગભર કરી નાખીઉં. હોરમજદની કરમબક્ષેસથી, એ મગુસ ગોમાટીસ અમારા કુટુંબને મબાદા ઉહાડી મેલે તે સારૂ મેં મારા નીઆએગાન (કુરૂસ) માફક આ પ્રમાણે મેહેનત લીધી."

આ નામાંકીત શાહાનશાહ પાંત્રીસ વરસો સુધી હકુમત ભોગવીને ત્રેંસઠ વરસની ઉંમરે, ઇ૦ સ૦ પુ૦ ૪૮૬ માં મરણ પાંમ્યો. એના અમળ વેળા રાજ્યની હદ નીચે પ્રમાણે હતી.

ઉત્તરે, ડાન્યુબથી તે જકસારતીસ નદી અને કાળા સમુદ્રથી તે કેયાસપીઅન સરોવર અને કાકેસ પાહાડ સુધી.

દક્ષિણે, ઇરાની આખાત તથા હિંદી માહાસાગર. અને આરબસ્તાન તથા ન્યુબ્યાના મોહોટાં જંગલો.

પુર્વે સિંધુ તથા સતલજ નદીઓ, અને ટીબેતનું મોહોટું જંગલ. પશ્ચિમે મોહોટું સીરતીસ, ઇજીઅન તથા ભુમધ્ય સમુદ્ર અને સ્ટ્રાઇમન નદી સુધી પોહોંચી હતી.

આ બોહોળા વિસ્તારના દેશોમાં નીચલા ત્રીસ પ્રાંતો આવેલા હતા. ફારસ (પારસ,) સુસીઆના, બાબીલોન્યા, મીડીઆ, એસીરીઆ, કેયાસપીઅન સરોવરની આસપાસનો કોસ્તો, સગારશીઆનું મોહોટું જંગલ, પેઓન્યા, ગ્રેસ, એશીઆ માઇનર, સીર્યા (સામ), આરમીન્યા, ફીનીશીઆ, આઇબીરીઆ, પેલેસ્તાઈન, સીરીનાઇકા, મીસર, હીરકેન્યા (માજંદરાન), પારથ્યા, એરાયા (હેરાત), ખોરાસમીઆ, બાખત્રીઆ (બલખ), સોગદીઆના, ગનદારીઆ, સતાગીદીઆ, સીથીઆ (તુરાન), પેરીકેનીઆ, હિંદુસ્થાન, મીર્સીઆ, તથા ઉગમણ કેન્યા, તરફનો ઇથીઓપ્યા.

મોહોટાં શેહેરોનાં નામો—અરમુજા (હોરમજ બંદર), સીસીદોન, અપાસ્તાન, ગોગન (હાલ જમાનાનું કંગુન), પરસીપોલીસ, પસારગરદા, સુસા, ગબા, યુકસીઆ, ઓબરોએતીસ, ત્રેગોનીસે, આરદીય પોરતોસ્પન (કીરમાન પ્રાંતમાં), હીરબ (મીડીઆમાં) બાબેલાન, અકબતાના, રએ (રાઘીસ અથવા રઘા), જંદાકારતા, બાખત્રીઆ (બલખ), મરકંદ, (સમરકંદ), સાએરો પોલીસ, એરયા (હેરાત),કાસ્પેતાઈરીસ (સિંધુ નદીની ઉત્તરે), તેકસીલ્લા(અટક),પુર (બામપુર), કરમામ (કેરમાન), અરબેલા, નીસબીસ, અમીદા (દાએર બેકર), મજક (કાપાદોશીઆમાં), ત્રેપુજુસ (ત્રેબીજાન), સીનાપે, દેસીલાયમ, સારદીસ, ઈફીસસ, ગોરદીઅમ, માઇલીતસ, તારસસ, અને પરગ (એશીઆ માઇનરના પ્રાંતમાં), તાયર, સીદાન, દેમાસ્કસ, જેરૂસલમ, આસ્કેતસ, (સીર્યા પ્રાંતમાં), મેમફીસ અને થીબ્સ (મીસરમા) શીરીની અને બારકા (સીરીનાઇકામાં).

એ પ્રમાણેનાં શેહેરો ઇરાનને તાબે હતાં. એ બોહોળાં રાજ્યની હદ વિદ્વાનોની ગણત્રી પ્રમાણે વીસ લાખ સમચોરસ માઈલની હતી.

હખામનીં લશકરનું શક્ષસી બળ—શાહનશાહ દારયસ હીસ્તાસ્પીસનાં મરણ પછી, તેનો વડો બેટો માંહાત્મા જરકસીસ, જેને ખીલારોકા હરફવાલી તખ્તીમાં "ખશાયારસા" કરીને જણાવેલો છે, તે ઈ૦ સ૦ પુ૦ ૪૮૫ ના સાલમાં ઇરાનનાં તખત ઉપર બેઠો. તે કદમાં પેહેલવાની બળનો અને બહુ ખુબસુરત હોવા સાથ આકળા સ્વભાવનો હતો. તેણે યુનાની જેવી દુનિયામાં બાહાદુર ગણાતી પ્રજાનાં પાયતખત એથન્સ શેહેરને ફતેહ કરવા માટે, તખત

ઉપર આવતાંનેવાર એક ભારે લશકરની તૈયારી કરવા માંડી. એના અમલ વેળા શાહાનશાલી લશકરની સંખ્યા, હીરૉડૉતસ અને પ્લુતાર્કના જણાવ્યા પ્રમાણે ૫૨,૮૩,૨૨૦) ની હતી. વળી સાક્રેટીસ પોતાના પૅનથાઇકાંસ નામનાં પુસ્તકમાં જરકસીસનાં લશકરની ગણત્રી વિષે બોલતાં લખે છે કે તેનું ફકત ખુસકીનું લશકર પચાસ લાખ માણસોનું હતું. એ ગોટું લશકર છેતાળીસ જુદી જુદી પ્રજાઓનું બનેલું હતું. આવી ભારી ફોજ આજદન સુધી કોઇબી શેહેનશાતની થઇ હોય એમ આપણે જાણતાં નથી. એ લશકરની માહાભારત તૈયારી ચાર વરસે પુરી થયા પછી, તે ઈ૦ સ૦ પુ૦ ૪૮૧ માં યુનાન ફતેહ કરવાની ચઢાઈ લઈ ગયો, તે વેળાએ, હીરોદોતસના જણાવ્યા મુજબ ખુસકીનું લશકર તેવીસ લાખ માણસોનું હતું, તેમાં ઘોડેસ્વાર લશકર ૮૦) એંસી હજુર માણસોનું હતું. વળી દર્યાઈ બળ વિષે તે જણાવે છે કે ૧૨૦૭ મોહોટાં દર્યાઇ બારકસો અને નાહનાં ત્રણ હજાર વાહાણો એ લડાઇમાં ગુંટાયાં હતાં, તે લશકરનું બળ ૨,૪૧,૪૦૦ ની સંખયાનું હતું. આ બોહોળાં લશકરમાં જે છેંતાલીસ જુદી જુદી વરણો હતી, તે વીષે હીરોદોતસ તેઓના લેબાસ સીખે, નીચે મુજબ બયાન કરી જાય છે:—

"પારસીઓને માથે ઢીલી જાંગીરી રોકી તોપી જોવામાં આવતી હતી. તેઓનાં શરીરો માછલીનાં ભીંગડાં રોકાં બોંહેવાલાં રંગબેરંગી બખતરોથી ઢંકાયલાં હતાં તથા પગમાં ઢીલી ઈજાર ને મોહોટી ઢાલને બદલે તેઓ વાલંજનાં લાંકડાંમાંથી બનાવેલાં ઢાલનાં અરધીઆં વાપરતા હતા ને તેની હેઠળ તીરના ભાથા લટકતા હતા. તેઓના ભાલા ટુંકા, કામઠાં લાંબા ને તીરો નેતરમાંથી બનાવેલાં હતાં. વળી તે સાથે તેઓની જમણી જાંગ ઉપર ખંજરોબી લટકતાં દીસતાં હતાં. ઝરકસીસની બૈરી એમીસ્ત્રીસના બાપ ઓતાનીસને તેઓની સરદારી આપવામાં આવેલી હતી. અસલ તો એ લોકો પોતાને આરતીઆન કરી કેહેતા હતા, અને એજ નામથી પોતાના પડોશીઓમાં પણ જણાયલા હતા. ગ્રીકો (યુનાનીઓ) એઓને પ્રથમ સીફીનીસના નામથી પીછાણતા હતા; પણ જારે જુપીતર તથા દનાઈનો છોકરો પરસીઉસ બીલસના છોકરા સીપીઉસ સોડે જઇ તેની છોકરી એનદરામીદા સાથે પરણ્યો તારે તેમને પેટે પરસીસ નામે એક છોકરો જનમ્યો હતો અને એ મજકુર સીફીઉસને છોકરો ન હતો, તેથી એ છોકરાને એના બાપે આ દેશમાં રેહેવા દીધો હતો, જેનાં નામ ઉપરથી ઇરાનીઓ પોતાને હાલ પરસીઆન (પારસીઆન) કરી કહે છે. મીદ લોકો પણ પારસીઓ માફકજ આરાસ્તા થયલા હતા; કેમકે એ મજકુર પેહેરવાસ એ મીદ લોકો સોડેથી અસલમાં પારસી લોકોએ નકલ કરી લીધેલો હતો. હાખીઆમેની વંશના તીગરાનીસ નામના એક ઉમરાવને તેઓનો સરદાર નેમવામાં આવેલો હતો. એ મીદ લોકોને અસલમાં સઘળા લોકો આરીઅન કરી કેહેતા હતા, પણ જ્યારથી કાલચીસવાલો મીદીઆ આથેન્સ શેહેર છોડી એ લોકો સોડે આવ્યો ત્યારથી એ લોકો કેહ છે જે, અમોએ આ પ્રમાણે અમારાં નામમાં ફેરફાર કરેલો છે. સીસીઆન નામનાં ટોળાંનો પેહેરવાસબી પારસીઓજ જેવો હતો; પણ જાંગીરી રોકી તોપીને બદલે (હાલના રોમન કાથેલીકના ધરમના ઉપાધીઆઓ જેવી)કુલાહ તેઓને માથે દીસતી હતી અને ઓતાનીસનાં છોકરા આનાફીસને તેઓનો સીપેહેસાલાર નેમેલો હતો. હીરકાનીઅન (માઝીનદ્રાની) લોકોનો પોશાક પણ પારસીઓ માફક હતો, અને તેઓનો સરદાર મીગાપેનસ કરીને હતો, જે પાછળથી બાબેલાનનો હાકેમ થયો હતો. આસીરીઅન લોકોને માંથે આડા અતાડા આકારની પીત્તલની બનાવેલી લડાઇની કુલાહ જોવામાં આવતી હતી, કે જેની બનાવત વિષે સેહેલથી બીઆન આપી શકાય તેવુ નથી. તેઓ સોડે ઢાલ, ભાલા અને ખંજર મીસર દેશનાં લોકો જેવાં હતાં. તેઓના બખતરની બનાવત સનની તથા તેઓ સોડે લોહોડાંના ગુરજો પણ હતા. એ લોકોને ગ્રીક લોકો સીરીઅન પણ બીજી વરણો આસીરીઅનને નામે ઓળખે છે. લશકરની એ ટુક-

ડીમાં ખીઆલદીઅનોને પણ આમેજ કરવામાં આવેલા હતા અને એ સઘળાઓને માથે આરતાચીઉસના છોકરા ઓતાસપીસને સરદાર નેમેલો હતો. બાખત્રીઅનોને માથે મીદ લોકો જેવી મળતી પાઘડી તથા એક જાતની નેતરમાંથી બનાવેલી કમાન તથા ટુકા ભાલા જોવામાં આવતા હતા. સાકી નામના એક તુરાની (સીથીઅન) ટોળાના લોકો પડારોકી ઉંચી કુલાહ તથા ધીલી ઈજારથી ઓળખાતા હતા. તેઓ સોડે તેઓના દેશની બનાવતની કમાન તથા ખંજર અને સગારીસ નામના ગુરજો જોવામાં આવતા હતા. સીથીઅનોનું એ ટોળું અમાઇર-ગીઆન (હુમાવર્ગ) નામ ધરાવતું હતું, પણ ઈરાનીઓ તમામ સીથીઅનોને સાકી કરી કહે છે તેથી એ ટોળું પણ એ લશ્કરમાં ફકત સાકી નામથીજ ઓળખાતું હતું. એ તથા બાખ-ત્રીયન લશકરની સરદારી સાઇરસની છોકરી એતોસાને પેટે દરાયસથી તવલુદ થયલા હીસ્તા-સ્પીસ નામના શાહજાદાને આપવામાં આવેલી હતી. હીંદુઓએ રૂની બનાવતનો પોશાક પેહે-રેલો હતો. તેઓનાં તીરકામઠાં નેતરનાં બનેલાં હતાં, તથા પોતપોતાના તીરોને તેઓએ લોહોડાંની અણી જડેલી હતી. આરતાબાતીસનો છોકરો ફનાજાથરીસ તેઓનો સરદાર હતો. એરીઅનો (હેરાતના લોકો)ની કમાન મીદીઅનો જેવી તથા બીજી સઘળી બાબદોમાં બાખત્રીઅનો જેવો તેઓનો લીબાસ હતો. હાઇદરનીસનો રીસામનીસ નામનો છોકરો તેઓનો સરદાર હતો. પારથીઆન, ખોરાસમીઆન, સાગદીઆન, ગનદારીઆન તથા દાદીકા નામનાં ટોળાં પણ લશકરમાં બીરાજતાં હતાં, તેઓનો લીબાસ બાખત્રીઅનો જેવો હતો, અને ફારનાસીસના છોકરા આરતાબેજસને હાથ એ પારથીઆન તથા ખોરાસમીઆનોની સરદારી તથા આરતાબેનસના છોકરા આરતીફીઉસને હાથ એ ગનદારીઆન તથા દાદીકાઇ લોકોની સરદારી હતી. કાસપીઆનો બકરાંનાં ચાંમડાંની ઢાભલી ઓઢી આવેલા હતા. તેઓ સોડે નાહાની તલવાર તથા તેઓના દેશમાં થતી નેતરોમાંથી બનાવેલી કમાનો જોવામાં આવતી હતી અને તેઓને માથે આરતીફીઉસનો ભાઇ આરીઓમરદાસને સરદાર તરીકે નેમવામાં આવેલો હતો. સરાંગાઇ લોકો પોતાના રંગીન પોશાક ઉપરથી ઓળખાઇ આવતા હતા. તેઓ છેક ગુંઠણ સુધી ઉંચાં બુટ પેહેરતા હતા, તથા મીદીઅના જેવા પોતે ભાલા તથા કમાન વાપરતા હતા. મેગા બીઝસના છોકરા ફરનદાતીસની તેઓનો સરદાર તરીકે નેમણુક કરવામાં આવી હતી. પાકતાઇ લોકો પણ બકરાંનાં ચામડાંની ઢાભલી ઓઢી આવેલા હતા. તેઓ સોડે હથી-આરમાં ખંજર તથા કમાનો જોવામાં આવતાં હતાં, અને તેઓને માથે ઇથામેત્રીસનો છોકરો આરતાઇનતીસને સરદાર તરીકે ઠેડવેલો હતો. યુતીઆન, માઇસીઆન, અને પરીખાનીઆન નામનાં ટોળાં પણ પાકતાઇ માફક લીબાસ પેહેડી આવેલાં હતાં. દરાયસના છોકરા અરસા-મીસને મજકુર યુતીઆન તથા માઇસીઆન ટોળાની તથા ઊબાજુસના છોકરા સીરોમેત્રીને એ પરીખાંનીઅન ટોળાંની સરદારી બક્ષવામાં આવી હતી. અરબોએ ઝભા પેહેરી તે ઉપર કમરબંધો બાંધેલા હતા, તથા પોતાના જમણા હાથમાં તેઓએ લાંબી કમાનો ધરેલી હતી, જે ઊંધી પણ વળી શકતી હતી. ઈથીઓપીઅનો ચીત્તા તથા સીંહનાં ચામડાં પેહેરી ખજુરાની ડાળીઓમાંથી ચાર ફીઊબીક ફુટ જેવડી લાંબી કમાનો બનાવી પોતા સાથે લઇ આવ્યા હતા. એ કમાનો સાથે તેઓ નેતરનાં બનાવેલાં નાહના તીરો વાપરતા હતા કે જેઓની અણી લોહોડાની નહીં, પણ એક જાતના પથ્થરમાંથી ઘણી તીણી બનાવામાં આવેલી હતી, અને એ લોકો પોતાના સીલો પણ એંજ જાતના પથ્થરોમાંથી કોત્રાવી રાખતા હતા. એ સીવાયે તેઓ સોડે નસતર જેવાં તીક્ષણ સાબરનાં સીંગડાંના અણીદાર ભાલા તથા ગુરજોબી જોવામાં આવતા હતા. જ્યારે એ લોકો પોતે લડાઇમાં જતા ત્યારે પોતાનાં અરધાં શરીરને ચાકથી તથા બાકીનાં અરધાંને ગેરૂથી રંગતા હતા. મીસરની ઉત્તર તરફના અરબ તથા ઇથીઓપીઅન

રેહેવાસીઓની સરદારી સાઇરસની છોકરી આરતાઈસતોનને પેટે દરાયસ પાદશાહથી અરસામીસ નામનો જે છોકરો પેદા થયો હતો, તેને સોંપવામાં આવેલી હતી. એ રાણી ઉપર દરાયસનો પીયાર પોતાની સઘળી બાનુઓ કરતાં વધુ હતો, એટલા સબબ ઉપરથી એણીનું સોનાનું બાહાવલું પણ એ રાજાએ પોતે બનાવી રાખ્યું હતું. હવે પૂર્વ તરફના બીજી જાતના ઇથીઓપીઅનોને હીંદુઓનાં લશ્કરમાં દાખલ કરેલા હતા; કેમકે એ બંને ટોળાં માત્ર ભાષા તથા બાલ વતરેગે બીજી સઘળી બાબદોમાં એક એકને મળતા આવતા હતા. આ ઈથીઓપીઅનોનો બાળ સીધા, પણ લીબીઅન ઇથીઓપીઅનોના બાળ ગુચ્છાદાર રેહેતા હતા. તેઓ ઘોડાના કાન તથા યાળ કાહાડી નાખીને, તે તરફનું ચામડું પોતે પોતાને માથે પેહેરતા હતા, અને પછી પેલા કાનોને તે પર સીધા મેલી પેલી યાલને કલગીર તરીકે કામે લાવતા હતા, તથા ઢાલને બદલે પોતાના બચાવમાં ચામડાંઓ ઉપીયોગમાં આણતા હતા. લીબીઅનો ચામડાંનો પોશાક પેહેરી આગથી પાણી પાઇ મજબુત કરેલા ભાલા હથીઆર તરીકે વાપરતા હતા. તેઓને માથે ઓઆરજીસનો છોકરો માસાજીસ સરદાર તરીકે મુકરર કરવામાં આવેલો હતો. પાફલા ગોનીઆન ટોળાંને માથે રૂપેરી ઢોળ ચઢાવેલી લડાઇની કુલાહ દીસતી હતી. તેઓ નાહાની ઢાલ, ટુંકા ભાલા તથા ખંજરથી તતારબંદ થયલા હતા, અને તેટાં સુધી પોતાના દેશની બનાવતના ઊંચા જોડા પેહેરતા હતા. લાઈજાઇ, માતીઇનીઆન, મારી આનદીનીઆન તથા સીરીઅનોએ પણ પાફલાગોનીઅનો જેવો લીબાસ પેહેરેલો હતો. એસીરીઅનોને ઇરાનીઓ કાપાદોસીઅન કરી કેહેતા હતા. મજકુર પાફલાગોનીઅન તથા માતીનીઆનોની સરદારી દોતુસ ઈબને મગાસીદરૂસ તથા મારીઆનદીનીઆન, લીજાઇ, અને સીરીઅનોની સરદારી દરાયસથી આરતાઇસ્તોન રાણીને પેટે પેદા થયલા ગોબરીઆસ નામના શાહજાદાને સોંપી હતી. ફરીજીઅનોનો પોશાક પાફલાગોનીઅનોથીજ જુજ ફેર હતો. એ લોકો યુરોપમાં જયારે માસીડોન્યનો સાથે વસતા હતા, ત્યારે બ્રાઇજીસનાં નામથી પોતે ઓળખાતા હતા; પણ એશીયામાં જયારથી ફરીજીઆ દેશમાં આવી વસ્યા ત્યારથી તેઓ ફરીજીઅન કરી કેહેવાવા લાગ્યા. આરમાનીઓ એ ફરીજીઅન લોકોના તાબા હેઠળ હતા, તેથી એ લોકો માફકજ એઓનો પણ પેહેરવાસ હતો, અને એ બંને ટોળાંની સરદારી આરતોખમીસ નામના દરાયસના એક જમાઇને આપવામાં આવેલી હતી. લીદીઅનો યુનાનીઓ માફક હથ્યારબંધ થયલા હતા. અસલમાં એ લોકો માયોનીઅન કરી કહેવાતા હતા, પણ અતાઇના છોકરા લાઇદસ ઉપરથી એ લોકોએ પોતાનું નામ પાછળથી ફેરવીઊં હતું. માઇસીઅન લોકો પોતાને માથે એક જાતની લશકરી કુલાહ પેહેરતા હતા અને ઢાલ તથા આતશથી પાણી પાયલા સખ્ત ભાલા તેઓ વાપરતા હતા. એ લોકો લીદીઅનોના તાબા હેઠળ ગણાતા હતા અને ઓલીમપસ નામના પાહાડ ઉપરથી ઓલીમપાઇના નામથી પણ ઓળખાતા હતા. આરતાફરનીસ ઇબને આરતાફરનીસ જે દેતીસ સાથે આગળ મારાથાનની લડાઇમાં હતો તે આ લીદીઅન તથા માઇસીઅન લોકોનો સીપેહસાલાર હતો. થ્રેસીઅનોએ પોતાનાં માથાં ઉપર કોહોલાંનાં ચામડાં ઓઢેલાં હતાં, અને ઢીલો પોશાક પેહેરેલો હતો કે, જેની ઉપર તરેહ તરેહવાર રંગના ડગલા પછી ઓઢી લઇ તેટાંસુધી મેંઢાંનાં ચામડાંમાંથી બનાવેલા જોડા પેહેરી લીધેલા હતા. હથીઆરમાં તેઓ સોડે ભાલા, હલકી ઢાલ, તથા નાહનાં ખંજરો દીસતાં હતાં. એશીઆ ખંડમાં આવી વસેલા થ્રેસીઅનો પોતે બીથનીઆન નામથી ઓળખાતા હતા, અસલમાં સ્ટ્રાઇમન નદીનાં નામ ઉપરથી સ્ટ્રાઉમોન્યન કરી પણ કેહેવાતા હતા. તોકરીઅન તથા માઇસીઅન નામનાં ટોળાંઓએ એ લોકોને પોતાનાં અસલી વતનમાંથી અત્રે હાંકી કાહાડીઆ હતા. આ થ્રેસીઅનો ઉપર આરતાબેનસનો છોકરો બાસાસીસ સરદારી

ભોગવતો હતો . . . . . . એ ટોળાં સોડે કાચાં ચામડાંમાંથી બનાવેલી નાહાની ઢાલ તથા દરેક માણુસોના હાથમાં વરૂઓના શીકાર સારૂ બબે ભાલાં જોવામાં આવતા હતા. તેઓને માથે પીત્તલની કુલાહ તથા પીતલમાં જડાવદાર બેલનાં શીંગડાં તથા કાન તે પર કલગીર શીખે જોવામાં આવતાં હતાં, અને પોતાનાં ટેટાં આસપાસ તેઓ જાંબુરી રંગનાં કપડાંના કકડા વિંટાળી લેતા હતા. એ લોકોમાં મંગલનું એક દેહેરૂં છે. કબાલી-માઓનીઆંન જેઓને લાસોનીઆન કરીને પણ કહે છે તેઓનો પોશાક સીલીસીઅને જેવો હતો. માઇલાઈ લોકો સોડે ટુંકા ભાલા જોવામાં આવતા હતા તથા તેઓનો લીબાસ હુકથી ટાઇટ કરેલો દીસતો હતો. તેઓમાંના કેટલાએકો સોડે લીશીઅનો જેવી કમાન તથા તેઓના માથાં ઉપર પકાવેલાં ચામડાંની કુલાહ જોવામાં આવતી હતી. હીસ્તાસ્પીસનો છોકરો બાદરીસ એ સઘળાં ટોળાંનો સરદાર હતો. મોસચીઅનો લાકડાંની કુલાહ પેહેરતા, તથા નાહાની ઢાલ અને લાંબી અણીવાલા ભાલા પોતા સોડે રાખતા હતા. તાઇબરનીઆન, માકરોનીસ, અને મોસીનોસાઇ ટોળાંઓનો પણ મોસચીઅનો માફક પેહેરવાસ હતો. સાઇરસના છોકરા સમરદીસની છોકરી પારમાઇને પેટે દરાયસથી થયલો આરીઓમરદુસ નામનો શાહજાદો એ મજકુર મોસચીઆન તથા તાઇબરનીઆનો પર સરદાર નેમવામાં આવેલો હતો, અને હેલેસપોનટ માહેલા સીસ્તાસ પ્રાંતનાં હાકેમ આરતાઈતીસ ઈબને ચીરાસમીસને મજકુર માકરોનીસ તથા મોસીનોસાઇ ટોળાંનો સરદાર મુકરર કરેલો હતો. મેરસ નામનાં ટોળાંને માથે રંગીન કુલાહ તથા ચામડાંની બનાવેલી નાહાંની ઢાલ અને ભાલા દીસતા હતા. કોલચીઅનો લાકડાંની કુલાહ તથા કાચાં ચામડાંમાંથી બનાવેલી નાહાની ઢાલ, ટુંકા ભાલા અને તલવાર સાથે જોવામાં આવતા હતા. એમેરસ તથા કોલચીઅન ટોળાંઓ ઉપર તીઆસપીસના છોકરા ફરનદાતીસને સરદારી આપવામાં આવી હતી. આલારોદી (આરારાતના પાહાડી) તથા સાસપાઈરીસ (આઇબીરીઆન) ટોળાંઓને કોલચીઅનો માફક કવાયદ આપવામાં આવેલી હતી, અને તેઓને માથે સીરોમીત્રીનો છોકરો માસીસ્તીઉસ સરદાર હતો. ઇરીથ્રીઆના દર્યા માહેલા ટાપુના રેહેવાસીઓ, તથા જે ટાપુમાં પાદશાહ બંદીવાનોને મોકળે છે તે ટાપુના રેહેવાસીઓબી મીદીઅનો જેવો લેબાસ તથા હથીઆર સીખે દીસતા હતા, અને તેઓને માથે બાગીઉસનો છોકરો મારદોનતીસ જે પાછળથી માઇકેલીની લડાઈમાં મારીઓ ગયો હતો તેને સરદાર તરીકે નેમવામાં આવેલો હતો. એ સીવાયે ઝરકસીસ પાદશાહના દરીઆઇવરથી લશકરમાં ફીનીસીઆન, મીસરી, સાઇપરીઆન, કીલીકીઅન, પામફીલીઅન, લાઈકીઅન, કેરીઅન, આવાનીયન-ગ્રીક, ડોરીક-ગ્રીક, ઈઆલીક-ગ્રીક, હેલેસપાનતીક-ગ્રીક તથા ઇજીઅન નામના દરીઆ માંહેલા ટાપુઓના યુનાની રેહેવાસીઓનાં નામો જોવામાં આવે છે. એ લશકર ઉપર આરીઓબીગનીસ, પરેક્ષસપીસ (પોરોસસ્પ), મેગાબીઝુસ તથા આકીમીનીસ (હાખેમન) નામના પારસી ઉમરાવોને સરદારી આપવામાં આવેલી હતી."

હખામની ઈજનેરોની કાબેલીયત—ઉપલી સ્વારી લઈ જતી વેલા પાદશાહ જરકસીસને રસ્તામાં 'હેલેસ્પૉંટ' અથવા 'દાર્ડેનલ્સ' નામના દરયાની ખાડી આડી નડવાથી તે ઉપર તે વખતના પારસી ઇજનેરોએ પ્રથમ એક તરતો પુલ બેવડો બાંધ્યો હતો. તેમાં એક બાજુએ ૩૬૦) બોટ અને બીજી બાજુએ ૩૧૪) બોટો ગોઠવીને દરેકને અકેક સાથ દોરડાંઓથી મજબુત બાંધી લઇને તેની લંબાઇ બનાવી, અને તેઓ ખીસી ન જાય તે માટે ભારી લંગરો નાખીને તે પુલને સ્થીર બનાવાની સંભાળ રાખી હતી. તે પછી પાટીઆં જડી લઇને ઝાડનાં ડાંખરાંઓ પાંથરી તે ઉપર મટોડું નાખી રસ્તો બનાવ્યો હતો. વળી ભારદાર જાનવરો પાણી જોઇ ચમકે નહીં, તે માટે આસપાસ પાટીઆંની દીવાલો કરી લેવામાં આવી હતી. એ પુલની સેહેલાઈ વિષે

એસચીલીસ નામનો ગ્રંથકાર કહે છે કે માણસ ઘોડા, તથા ગાડાં સેહેલથી જેમ મોહોટા રસ્તાઓ ઉપર આવ જા કરે છે તેમ ઘણી ઝડપથી તે ઉપરથી હીલચાલ કરી શકતાં હતાં. એથી પારસીઓ કેવાં માહાભારત કામો ઉઠાવી સરંજામ ઉતારી શકે છે તે વિષે યુનાનીઓનાં દીલમાં સારો વિચાર ઠસ્યો હતો. એજ પ્રમાણે એથાંસના પાહાડ આગળનો કોસ્તો તોફાની હોવાથી તે તરફ વાહાણો લઇ જવાનું કામ ઘણું બીકટ ગણાવાથી ત્યાં એક મોહોટી નેહેર ખોદી કાઢવાનું કામ જરકસીસે ઉઠાવ્યું, અને તે કામ 'બુબેરીસ' તથા 'આરતાચ્યુસ' નામના બે કાબેલ પારસી ઇજનેરોને સોંપ્યું હતું. એ નેહેર દોહોઢ માઇલ લાંબી તથા તેમાંથી બે મોહોટાં બારકસો એકી વખતે સેહેલાઇથી આવજાવ કરી શકે એટલી પોહોળી ખોદી કાઢવામાં આવી હતી, અને એનાં બંને તરફનાં મોઢાં મટોડાંની બે મજબુત દીવાલોથી ચણી લેવામાં આવ્યાં હતાં. વળી એજ ચઢાઇ વેળા "સ્ટ્રાઇમન" નદી ઉપર પણ બોટોનો એક બેવડો પૂલ બાંધવામાં આવ્યો હતો.

પુલ ખુલ્લો મુકવા આગમચ બજાવવામાં આવેલી જરથોસ્તી દીનને લગતી ક્રિયાઓ, તે વિષે જાણજોગ હકીકત—હીરોદોતસ જણાવે છે કે જરકસીસનું લશ્કર 'સારડીસ'થી નીકળી ઠેઠ 'એબીદાસ' નામનાં શેહેરમાં આવી લાગ્યું હતું. આ બંદરમાં આવ્યા પછી ત્યાંના રેહેવાસીઓએ પાદશાહને માટે એક સંગેમરમરનું તખ્ત બનાવ્યું હતું. તેપર એક દીવસે બેસીને જરકસીસે પોતાનાં દરીઆઈ લશ્કરની કવાયદ લીધી. તે પછી બીજે દીવસે બડી બામદાદને વખતે જ્યારે રોશન આફતાબે ફરીને ઉગમણ તરફથી પ્રકાશવા માંડયું અને પોતાનાં કીરણો બાહેર પાડયા, તે વેળાએ 'મેજાઈ' (મોબેદ)લોકોએ આતશ ઉપર ખુશબોઇ મુકી ખુરશેદ તથા મેહેર યજદોની નેયાએશો શરૂ કીધી તેપછી દસ્તુરાન દસ્તુર ઓસ્થાનીસે આવાંઅર્દ્વીસુરની બંદગી કરવા માંડી અને એક સોનેરી કાંસીયામાંથી હોમ સલીનું ઇંજેલું પાણી દરયામાં છાટીને દાદર અહુરમજદની બુલંદ અવાજે મદદ માંગી કે "ઓ સાહેબ! આ લડાઇમાં તું અમોને ફતેહ બક્ષજે" એ ક્રિયામાં પાદશાહ જરકસી પણ સામેલ હતો. તે બંદગી કરી રહયાબાદ તેણે એક ખંજર, એક સોનેરી જામ, અને એક સોનેરી વાસણ આવાંયજદને અર્પણ કર્યાં હતાં. તે પછી પોતાના 'અમર'નામ ધરાવનાર ૧૦,૦૦૦ દસ હજાર ચુનંદા પારસી સીપાહોને પેલો પુળ ઓળંગી એશીઆની ભુમી છોડી યુરોપની ભુમીમાં સપર પેહેલો પગ મેલવાને હુકમ કીધો. આ હુકમ સાભળતાંજ તેઓએ પસાર થવા માંડયું. બીજે દીને પાદશાહ પોતાના પવિત્ર રથમાં ઉંચી તોખમના 'નીસીયન' ઘોડાઓ જોડીને એ પુલ પસાર કરી ગયો; તે પછીનાં લશ્કરે એ પુલ ઓળંગતાં એક આખું અઠવાડયું લીધું હતું. હવે, ઉપલીજ ક્રિયા વિષે મી૦ ગલોવર નામનો એક ગ્રંથકાર જણાવે છે કે "સૌથી સફેદમાં સફેદ રંગના જભાનો સફાઇદાર પોશાક પેહેડીને પારસીઓના દસ્તુર તથા મોબેદો એક તંબુની આસપાસ ઉભા હતા. તેઓની નજદીકમાં રોશન આતશ બળતો હતો, અને તે પાક આતશની સનમુખ તે સઘળાઓએ ઉભા રહીને ખુશ અવાજથી તે પરવરદેગારની સ્તુતી કરી હતી. એ સ્તુતીના કલામ અથવા ગીતો હજરત જરથોસ્તનાં જોડેલાં હતાં, જે જરથોસ્તે ઇરાન દેશના પાહાડોપરની ફુલફળોથી ભરેલા તથા વેહેતાં પાણીઓના ઝરાઓથી આબાદ થયલા અને તરોતાજગીભર્યા ગુફામાં રહીને પવીત્ર ગીતો (અવસ્તા) તૈયાર કર્યાં હતાં. તે કલામો પેલા પરહેજગાર મોબેદો ભણતા હતા કે "ઓ દાદાર અહુરમજદ! અમોને તું ફતેહ બખશ. તારીજ મેહેરબાનીથી ઈરાનના શેહેનશાહનું તાજ કીર્તીભરયું રહયું છે, અને આ મોહોટો પાદશાહ જરકસીસ તારી મદદનો ઇંતેજાર છે. નાપેકાર અહેરેમનને એ પાદશાહનું બુરૂં ઇચ્છીને આય 'હેલસપોંટોને દરયાને જોશ ભર્યો કીમો હતો; તે ઉછળતા દર્યાની છાતી ઉપર તમામ જેહાનપર સરદારી ચલાવનાર આ જેરકસીસ પાદશાહને સ્વાર કરીને આજ દીને તેને કબુલ કીધેલી તેની કિર્તી તું ભોગવવા દે; એટલે કે જેમ તું

જેવા બલવંત ખુદાવંતાલા આગળ બુરો અહેરેમનઃ;છેવટે આજેજ થઇને નીચો પડશે અને તમામ જાતની બદી નાબુદ થશે, તેજ મીસાલે આ યુનાનીઓ ઇરાનના પાદશાહ આગળ લાચાર થઈ પડવાથી તમામ જાતના ફેસાદ અને બેકરારીનો અંત આવશે."

લડાઇ વેળા મોહોટી હીંમતથી ચીવટપણે લડવાની પારસી સીપાહોની બાહાદુરી— "ધી એનશીઅંટ માનરકીજ" નામનાં પોતાનાં પુસ્તકનાં ચોથા દફતરના ત્રીજા બાબમાં મી૦ જ્યાર્જ રોલીનસન હખામની શાહનશાત વેળાના પારસીઓની હાલત, રીતભાત, લડાઈની કુનેહ, ખાસીઅત ઇત્યાદી બાબદો ઉપર બોલતાં એક ઠેકાણે પારસી લશ્કરની લડાઇનાં મેદાનમાં હીંમતથી લડવાની બાબદમાં તારીફ કરતાં જણાવે છે કે "હખામન્યાન ટોળો પોતાના લડાયક ગુણોથી તથા સુધારાના વધારે શોખીન હોવાથી અતીશ્ય શરેપઠપણું ધરાવતો હતો. એ લોકો હીંમતવાન, સાહાશીક તથા સચ્ચાઇના ઘણાજ જબરા હીમાયતી હતા, તે વાત એઓના ગ્રીક દુશ્મનો વટીક ઈનકાર કરી શકતા નથી. એસ્ચીલીસ નામનો એક યુનાની સાએર જે એકવાર પાદશાહ જરકસીસનાં લશ્કર સામે ઘણી બાહાદુરીથી લડયો હતો, તે લખી જાય છે કે 'એ (પારસી) લોકો જેવા બાહાદુર તેવાજ ઉદાર દીલના તથા મોહોટાં મનવાલા પણ હતા.' પ્લાતી તથા ધરમાપીલીનાં જંગી મેદાનોમાં એ લોકો સોડે ગ્રીકો જેવાં લડાઇનાં મજબુત હથ્યારો તથા બખ્તરો નહીં હોવા છતાં એઓના સીપાહો સ્પારટનો જેવા શુરા પેહેલવાનો આગળ હીંમતથી જે ધસી જઇને તેઓના હાથમાંથી મોહોટા મોહોટા ભાલા તથા બીજા લડાઇનાં હથ્યારો ઝુંટી લઇ તેઓને એક પછી એકને જમીનદોસ્ત કરી નાખયા હતા, તે વાત એઓનો દુશ્મન તવારીખનવેશ હીરો દોટસ વટીક નામુકર જતો નથી. જાતે શુરા તથા હીંમતે પુરા, ચુનંદા તીરંદાજો તથા લડાઇને દરમેયાન હઠીલા અને માર ખાય તોપણ નાહીંમત નહીં થઇ આગળ ધસી જવાની એઓમાં ટેવ હોવાથી, દુશ્મનોના લશ્કરોમાં હમેશ એઓનાં નામથીજ ગોયા શોહોર ઉઠી રેહેતો હતો; અને એશીઆ તથા આફ્રીકા માહેલા કોઇપણ લડાયક ટોળાં એઓના આ બાહાદુર ગુણો વિષે માહીતગાર હોવાથી તેમની સામે લડાઈનું બીડું ઝડપવાની કદી હીંમત તથા હોસ દેખાડતાં ન હતાં. એ લોકો હીંમતમાં તેમજ લડાઇની કળામાં ગ્રીકોથી જરાએ ઉતરતા ન હોતા એમ હીરોદોતસ તથા જેનોફન વારંવાર પોતે જણાવી જાય છે."

હખામની લશકરનો પોશાક તથા હથયારો—ઉપલાજ પુસ્તકમાં નાના સાઇરસના વખતમાં તે વેલાનાં પારસી લશ્કરના પોશાક તથા હથયારો વિષે જણાવે છે કે "પારસી પાયદલ સીપાહો ગુંટણવેર આવે એવો લાંબી બાંહેવાલો ચામડાંનો તંગ જબ્ભો, તથા તેની નીચે ગુંટીવેર પુગે એવી ચાંમડાંની સુરવાલ પેહેડી લેતા, તથા પગમાં બુટ પેહેડી કંમરે કંમરબંધ બાંધતા હતા, કે જેની સાથે એક ખંજર લટકાવામાં આવતું હતું. દરેક સીપાહ જોડે એક તરવાર, ભાલો, તથા તીરકમાન જોવામાં આવતાં હતાં. તેઓની તરવાર આશરે સોળ ઇંચથી વધારે લાંબી ન હતી. મેયાનને દરમેઆન એ તરવારો દરેક સીપાહની જમણી બોરદુએ લટકતી દીસતી હતી. એ લોકોના ભાલા સાત ફીટથી વધુ લાંબા ન હતા. આ હથયારો ઉપરાંત દરેક પાયદલ સીપાહ પાસે ગોફણ, છડી, અને ગુરજ પણ રાખતા હતા. પોતાનાં શરીરને લડાઈ વેળા બચાવવાં દરેક ઇરાની સીપાહ મજબુત ભીંગડાં રોકી ઢાલ વાપડતો હતો.... પારસી ઘોડેસ્વાર સીપાહોને માંથે લોખંડની કોલાહ તથા શરીરમાં મજબુત બખ્તર જોવામાં આવતાં હતાં. ઘોડાઓનેપણ તેઓના સ્વારોની પેઠેજ બખતરમાંજ તદન ગરક કરી નાખવામાં આવતા હતા. ખાસ એ કારણુસર એવા ઘોડાઓને ઉધારવામાં આવતા હતા. એ ઘોડાઓ ઉંચી જાતના 'નીસીઅન' તોખમના હતા."

ચહાઇ લઈ જતી વેળાની ઉત્તમ ગોઠવણ—લડાઈની તૈયારી હમેશાં વસંત રૂતુમાં શરૂ કરવામાં આવતી હતી. જે મોહોટું લશ્કર એ લોકો એકઠુ કરી શકતા હતા,તેમાં સારી પેઠે કવાયદ તથા બંદોબસ્ત જોવામાં આવતો હતો. જ્યારે લશ્કર કુચ કરી જતુ ત્યારે સપર પેહલાં તમામ ભારદાર જાનવરો તથા સામાન સરંજામ આગમજથી રવાના કરવામાં આવતાં હતાં, અને તેમની પાછળ અરધુંએક લશ્કર રવાના થતું હતું. તે પછી એક હજાર ઘોડેસ્વારો તથા એક હજાર ચુનંદા પાયદલ સીપાહો ચાલતા હતા. એઓની પાછળ એક પવિત્ર રથમાં આતશનું રૂપાનું પાતર ઘોડાઓ ઘસડી જતા હતા. તે પછી તેજ ચાલના નામીચા નીસીઅન ઘોડાઓ એક ભપકાદાર મોહોટી ગાડી ઘસડી રવાના થતા હતા, જેમાં પાદશાહ ખુદ પોતે મોહોટા દમામથી બીરાજતો હતો, અને તેની ગાડીની આસપાસ તેના હમશરીકો તથા પાદશાહી કુટુંબના શાહાજાદાઓ જોવામાં આવતા હતા. એ લશ્કર પાછળ વળી પાદશાહના એક હજાર પાયદલ તથા ઘોડેસ્વાર બાડીગાર્ડો પુર દમામમાં ચાલતા હતા. તેઓની પાછળ પેલા બાહાદુરીમાં વખણાયલા ચુનંદા પારસી પાયદલ સીપાહો તથા તેઓની પાછળ તેટલીજ સંખ્યામ બીજા ચુનંદા પારસી ઘોડેસ્વારો સફ ખેંચી ચાલતા હતા. એ પછી પા એક માઇલનો ગાળો મેલી દેવામાં આવતો હતો. જેની પછવાડે બાકી રહેલું સઘળુ લશ્કર રવાના થતું હતું. સુર્ય ઉગવા પછી તે અસ્તપામે ત્યાંસુધી એ લોકોમાં લશ્કરને કુચ કરાવાની રીત હતી, અને ભર બપોરના તે સઘળાં લશકરને જરા આસાએશ આપવામાં આવતી હતી. દરરોજ લશકર વીસથી પચીસ માઇલ સુધી ચાલતું હતું. રાતને વખતે લશકર કુચ કરતું ન હોતું. એ લશકર જેવું દુશમનોના મુલકમાં દાખલ થતું, તે વેળા આગમચથી રવાના થયલાં સઘળાં ભારદાર જાનવરોને આજુબાજુ કરી નાખીને સપર પેહેલાં ઘોડેસ્વાર કાસદોને રસ્તો મોકળો કરી આપવામાં આવતો હતો, કે દુશ્મનો વિષે દોડધામ કરી ખબર અંતર વારંવાર પોતાનાં લશ્કરના સરદારને આપતા રહે. એ પ્રમાણે કરયા બાદ તરત લશ્કરનો સેનાપતી લશ્કરોની વચોવચમાં પોતાની મુકરર કરેલી જગ્યાઉપર આવી હાજર રેહેતો હતો, કે જો દુશ્મનો એકાએક હલ્લો કરે તો તુરત લશ્કરને લડવાનો હુકમ આપવામાં પછાત રહે નહીં.

લડાઇનાં મેદાનમાં સફ ખેંચવાની કુનેહ—ઉપલાંજ પુસ્તકમાં લડાઇનાં મેદાંનમાં સફ સમારી ઉભા રેહેવાની ગોઠવણુ બાબદ જણાવતાં લખે છે કે "લડાઈના મેદાનમાં જો રથોને કામે લગાડયા હોય તો સપર પેહલાં તે રથને હારેદાર ગોઠવી જતા, અને તેમની પાછળ ઘોડેસ્વાર તથા પાયદલ સીપાહોની હારોની હારો ગોઠવેલી દીસ્તી હતી. એ લશ્કરની બંને બોરદુએ ઘોડેસ્વાર તથા વચોવચમાં પાયદલ સીપાહોને ચોરસ આકારમાં તેમની જાતી પ્રમાણે ગોઠવવામાં આવતા હતા. એ જુદી જુદી જાતો પોતપોતાના પોશાકો ઉપરથી તુરત ઓળખાઇ આવતી હતી. સૌથી ઘણાજ બાહાદુર તથા લડાયક સીપાહોને હરોલમાં રાખવામાં આવતા હતા, અને જેઓમાં ઘણો જીવ નહીં માલુમ પડતો તેઓને સૌથી છેલ્લા રાખવામાં આવતા હતા. પાયદલ સીપાહો પોતાની ઢાલોને જમીનમાં મજબુત બેસીને પછી દુશ્મનોનાં લશ્કરોપર તીરોનો મોહોટો વરસાદ વરસાવતા હતા, ગોફણોં યાતો પથરો ફેંકતા હતા, અને જો દુશ્મન આગળ આવી જતા તો પછી બંને બોરદુના લશ્કરોમાં આમનસામન હાથોહાથ લડાઈ ચાલતી હતી, અને જો તેમાં હરોલના સીપાહીઓએ માર ખાધો હોય તો પછી લશ્કરમાં ગભરાત થઇ જતો હતો તો આજુ બાજુનાઘોડેસ્વાર સીપાહો મદદે આવી અટકાવતા હતા કે લશ્કર નાહીંમત થઇ નાહાશી જાય નહીં. પાયદલ લશ્કર કરતાં પારસી લોકોનું ઘોડેસ્વાર લશ્કર ઘણું દેલાવર ગણાતું હતું. દરેક ઘોડેસ્વાર સીપાહી નાહાસતી વેળાએ પણુ પાછળ ફરી પોતાની પછવાડે લાગેલા દુશ્મનો તરફ આબાદ

નીશાની કરી જે ઝડપથી તીરો મારી શકતા હતા તે; લડાઇની કુનેહ ઘણી ઉમદા ગણાતી હતી, અને જે કુનેહ પાછળથી પાર્થીનોમાં પણ જોવામાં આવતી હતી. આ પારસી ઘોડેસ્વારો વિષે ગ્રીક તથા આગળના રૂમી સીપાહોમાં ગોયા એક જાતનો ભય પેસી ગયો હતો. તમામ લશ્કરના સપેસાલાર તરીકે પાદશાહ ખુદ પોતે યાતો કોઇ પારસી નહીં તો મીડીયન (જરથોસ્તી) સુબાને મુકરર કરવામાં આવતો હતો, અને તે વડો સરદાર ચોતરફ લશ્કરને હુકમ આપતો રહે તે માટે લશકરની અધવચમાં હમેસ ઉભો રેહેતો હતો. આ સપેસાલાર ફકત હુકમ આપતો એટલુંજ માત્ર નહીં પણ જો ગરજ પડે તો લડાઇને દરમેયાનમાં પણ વારંવાર પોતે લડતો હતો. જો સપેસાલાર માર્યો જતો તો લશ્કર પછી નાહીંમત થઇનેનાહાશી જતું હતું. દર દસ, સો, હજાર, દસ હજાર સીપોહીઓને માથે એક એક સરદાર નેમવામાં આવતો હતો.

દરયાઇ લશકરનાં બારકસો અને તેમની દરયાઇ લડાઇની રોત—દર્યાવરધી ખાતાંના બારકશો વિષે જણાવે છે કે "ઈરાની પારસીઓનું દર્યાઇ ખાતાંનું લશકર પણ બોહોળું જોવામાં આવતું હતું, અને એ લોકો પોતાના વાહાણોના કાફલાથી ભુમધ્ય સમુદ્ર કે જેને ફારસી ભુગોળ વીદ્યાર્થીઓ 'દરયાએ રૂમ' કરી કહે છે, તેના ગોયા માલેક જેવા થઇ પડયા હતા. એઓની ઘણીખરી મનવારોમાં ખલાસીઓ સારૂ હલેસાં મારવા ત્રણ બેઠકો એકએકની ઉપર કરી રાખવામાં આવતી હતી, અને તેઓમાં ૨૩૦) દેલાવર સીપાહીઓ હમેશ હથ્યારબંધ સામેલ રેહેતા હતા. જ્યારે જોસમાં હલેસાં મારી એ મનવાર દુશ્મનોનાં વાહાણો તરફ ઝોકાવતા ત્યારે કહે છે કે હાલની સ્તીમરોજેવાં બળથી તેઓ પેલાં દુશ્મનોનાં બારકસો સાથ અઠડાઇ પડી તેઓને તુરત પાણીમાં ડુબાવી મેલતા હતા. લડાઇનાં આ બારકસોને 'ત્રીરામ' કરી કેહેતા હતા. તેમાં એક ડોલ તથા એક ચોરસ અને તેનાં 'જીભ' ખુમ આગળ મજબુત લોઢાંની ધાર યાતો જાનવરોનાં માથાં બનાવી મેલવામાં આવતાં હતાં, જેથી જ્યારે એ બારકશો દુશ્મનોનાં વાહાણો સાથે જોસથી અઠડતાં ત્યારે આ લોઢાંનાં હથ્યારોને લીધે પેલાં વાહાણોના ચુરેચુરા થઇ જતા હતા. એ મનવારો ઉપરના સર્વથી સરસ ખલાસીઓ 'સીદાન' શેહેરના ઘણા બાહાદુર ગણાતા હતા.

લડાઈના હીંગામ વેળાની કેમીસેરીએત ખાતાંની વખાણવાલાયક ખુબી—કેમીસેરીએત ખાતાંની ગોઠવણ હેવી રીતે કરતા કે લશકર રવાના થાય તેની આગમજ વાટમાં મુખ્ય મથકો ઉપર આગમજથીજ સઘળો અનાજ ભરાવી રાખવામાં આવતો હતો, એટલુંજ માત્ર નહીં પણ લશકર કુચ કરી જાય તેની પુરવેણી અનાજનો બીજો જથો પણ મોકળી આપવામાં આવતો હતો, અને વાહાણોનાં વાહાણો ખોરાકી પોશાકી ભરીને લશકરી કાફલા સાથે રવાના કરી આપવામાં આવતાં હતાં.

પાદશાહોનો મોહોટો દમામ તથા દરજજો—જે વેળાએ પાંદશાહો લડાઇમાં જતા હતા, તે વેળાએ ઊંચી બુન્યાદના પારસી અમીર ઉમરાવો તેની નોકરીમાં સાથે રેહેતા હતા તેમાં એક ગાડી હાંકનાર, બીજો સ્તુલ ઉચકનાર, ત્રીજો કમાન ધરનાર તથા ચોથો તીરોનો ભાથો ઉઠાવનાર, એવા ચાર હતા, એઓથી ઉતરતે દરજજે બીજા નોકરોમાં એક ખાનસમાન, બીજો ઘોડાઓનો ઉપરી, ત્રીજો નવીસંદો (લખનાર) ચોથો એક શાહબાવરચી, પાંચમો પકાવેલું ખાણું ચાખનાર, છઠો શરાબ ધરાવનાર સાકી, સાતમો કાસદ, આઠમો ગવૈયો, એવા બેશુમાર નોકરો પાદશાહની ખીદમતમાં હાજર રેહેતા હતા.

પાદશાહોના બેકામતી પોશાકો અને બીજાં પેહેરણો—પાદશાહેનો પોશાક એવો હતો કે તેઓની ગરદન આગળથી તે ગુંટણુંવેરનો લાંબો જાંબુરી રંગનો અતી કીંમતી રેશમનો, મોહોટી સોનેરી ઝાલરનો એવો ઝાબો તેઓ પોતે પેહેરતા હતા, જેને 'કેનદાઇસ' કરી

કહેવામાં આવતો હતો. એ સાહયાની કીમ્મત બાર હજાર ' તાલાંટ ' યાને બે કરોડ, બાતુ લાખ અને પચાસ હજાર રૂપયાની કીમતનો અંકાતો હતો, એમ પ્લુતારક નામનો નામીચો રૂમી ગ્રંથકાર જણાવી જાય છે. એ કીમતી સાહયા નીચે જાંબુરી રંગની અને સફેદ સરેતા-વાલી ડગલી ગુંટણવેર આવે એવી પેહેરતા હતા. પગમાં કીરમજી રંગની છજાર તથા કેસરી રંગના જોડા પેહેરતા હતા. માથાં ઊપર સોનામાં જડી લીધેલાં બેકીમતી જવાહીરોની કોલાહ મુકતા હતા. તેઓનું પાદશાહી તખતે ખાલેશ સોનાનું બનાવેલું હતું, પણ ધર્મની છીટને લીધે એ તખતની આસપાસ હાથીદાંત જડવામાં આવતો ન હતો. પાદશાહો પોતાનાં શરીર ઉપર બેકીમતી ઝવેરાતો પેહેરતા હતા. કાનમા ઘણાંજ કીમતી ઝવેરાતનાં એરીંગ, ગળાંમાં બેકીમતી હાર, હાથે ઝવેરાતથી જડી લીધેલા વારા, તથા કંમરે જડાવદાર કંમરબંધો લપેટતા, તેમાં ઊં-ચાં ઝવેરોથી મઢી લીધેલું એક ખંજર ખોસી રાખતા હતા.

પાદશાહોની ખાણાની ટેબલનો દમામ—પાદશાહોની ટેબલ ઊપર કોઇ કોઇ વેળાએ ઘણાએક અમીર ઉમરાવો, મુસાફરો, પારકાં રાજ્યોના એલચીઓ, કેદ પકડાયલા પાદશાહો, તથા પારકાં રાજ્યોના સરદારો મેજબાનો તરીકે બીરાજતા હતા. તેસીઅસ નામનો યુનાની ગ્રંથકાર કહે છે કે 'આ પાદશાહોના મેહેલોમાં નાહાનાં મોહટાં મળીને દરરોજ પંદર હજાર માણસોનું ખાણું પકાતું હતું, અને તેને માટે દરરોજ ૪૦૦) તાલાંટનો ખરચ થતો હતો. (એક તાલાંટ આસરે રૂ ૩૮૩૦) નો ગણાતો હતો. અને દરેક મોહોટાં ખાણાંની વેળાએ દરેક જા-તનાં સ્વાદીષ્ટ પકવાનોની જાત જાતની વાણીઓ પીરસવામાં આવતી હતી. દરેક મોટા ખાનાની વેલાએ એક હજાર મોટાં જનાંવરો જેવાં કે બકરાં, મેંઢાં, બલદ, ગોરખર, હરણ, ઘોડા, તથા ઉંટો વટીક જબેહ કરવામાં આવતાં હતાં. તથા પક્ષીઓમાં મરઘાં, બટકાં શીકાર, તથા સાહમુરગના તરેહવાર ઉમદાં પકવાનો થતાં હતાં. હીરોડોટસ જણાવે છે કે આવાં મોટાં ખાંણા વેલા દસ લાખ રૂપયા સુધીનો ખરચ થતો હતો. પાદશાહ પોતાના સઘળા મેજબાનો સાથ કોઈજ વેળા જમવા બેસતો હતો, પણ ઘણી વાર તેના એકલાને સારૂ જુદીજ ટેબલ તૈયાર કરાવતો હતો; તેપર કોઇ કોઈ વાર તેની રાણી તથા બે ત્રણ શાહાજાદાઓ બેસતા હતા. કોઇ કોઇ વાર શરાબબાજી કરતી વખતે પાદશાહના ખાસ અતલગના સોબ-તીઓ તથા અમીર ઉમરાવો પાદશાહની હજુરમાં બેસી તરેહવાર જાતના શરાબોનાં પ્યાલાં પેદરપે નોશ કરતા હતા. તે વેળા પાદશાહ સોનેરી કોચ ઉપર આરામ કરી પોતાના ખાસ ઉ-પયોગને માટે બનાવેલો ઘણી ઊંચી જાતનો 'હેલબન'નો શરાબ જરા જરા નોશ કરતો હતો. મોહોટાં ખાણાંની વેળાએ તમામ મેજબાનોને બે તબક્કામાં વેહેંચી નાખવામાં આવતા હતા. તેમાં ઉંચે દરજ્જેનાં માણસોને પાદશાહની પાસેનાં દેવાનખાનાના હૉલમાં બેસાડતા હતા, અને તેથી ઉતરતે દરજ્જેનાઓને આગળા હાલમાં બેસાડતા હતા. પાદશાહી દેવાનખાનાની સામેના હૉલમાં અમીર ઉમરાવો સારૂ ટેબલો નાખવામાં આવતી હતી. આ હૉલો વચ્ચે એક આડો પડદો નાખી લેવામાં આવતો હતો, કે જેમાંથી પાદશાહ પોતાનાં દેવાનખાનામાં બીરાજતો વેલા અમીર ઉમરાવોને નજર આવતો હતો. **ગહુમબાર** તથા પોતાની **સાલગરેહ** જેવા તેહેવારો ઉપર પાદશાહ પોતાના અમીર ઉમરાવો સાથે બેસીને ખાણું લેતો હતો. એ વેળાએ શરાબ-બાજી કરતો તથા તરેહવાર ગુફતેગુંમાં તેઓ સાથ મશગુલ રેહેતો હતો. એ વખતે દીવાનખા-નામાં સઘળા મેજબાનોને સારૂ સોના તથા રૂપાના કોચો બીછાવામાં આવતા હતા, અને ત્યાં સોનેરી પ્યાલાંઓમાં પાદશાહને સારૂ ખાસ બનાંવેલો વાઈન સઘળા મેજબાનોનેબી પાવામાં આવતો હતો. પાદશાહ પોતાનું પીવાનું પાણી છેક નાઇલ-નદીમાંથી મંગાવી ભરી રાખતો હતો.

પાદશાહી મેહેલો માહેલા નામીચા શીણગારો—પાદશાહી મેહેલોમાં સુસા, પરસીપોલીસ, તથા અકબતાના એ શેહેરોના મેહેલો ઘણાજ નામીચા ગણાતા હતા. એ ખુલંદ મેહેલોની ફરસબંદી તરેહ તરેહવાર રંગના પથરોમાંથી બનાવેલી હતી. દેવાનખાનાંઓમાં સારદીસ શેહેરનાં નામીચાં કારખાનાઓમાં બનાવેલા અતી કીમતી ગાલીચાઓ બીછાવેલા હતા. એ દીવાનખાનાઓમાં મોહોટા સ્તંભો વચે તરેહ તરેહવાર રંગની અતી કીંમતી ઝાલરો લટકતી હતી તથા દીવાલો ઉપર સોનેરી ઢોળ ચઢાવામાં આવેલો હતો. એ દીવાનખાનામાં ઘણુ કીમતી ફરનીચર ગોઠવવામાં આવતું હતું. 'જમરૂદ' તથા 'યાકુત'માં જડાવદાર ૪ સોનેરી સ્તંભોની વચે પાદશાહી સોનેરી તખત ગોઠવવામાં આવતું હતું, અને તેની આસપાસ સોનાં તથા રૂપાંમાં ગરક થઈ ગયલા ઘણાએક કોચો ગોઠવવામાં આવતા. પાદશાહના આરામગાહના દીવાનખાનામાં ઉંચી કારીગીરીના હુંનરોના નમુનાઓ ગોઠવેલા હતા. પાદશાહના પલંગનાં છત્રની ફરતી ઝાલર દરાખના વેલાના આકારની બનાવેલી હતી, જેમાની એકેકી દરાખ અતી કીંમતી ઝવેરાતોમાંથી બનાવેલી હતી. એ ઝાલર સેમોસ શેહેરના વખણાયલા કારીગર થીયોદોરસે બનાવી હતી. એજ દીવાનખાનામાં તમામ ખાલેસ સોનામાંથી ઓટી કાઢેલું એક 'ચુનાર'નું ઝાડ અતી ઉમદા કારીગરીથી બનાવામાં આવેલું ગોઠવેલું હતું, કે જે જોવા સારૂ દેશ દેશનાં લોકો આવતાં હતાં. વળી અહીંઆં બટ સોનાનું બનાવેલું એક ઉંચું 'બોલ' ઘણીજ ઉંચી કારીગીરીથી ઘડેલું હતું.

હખામીન્યન અમલની આગમચની મીદીઅન જરથોસ્તી શાહાનશાત વીશેની ટુંક નોંધ—હખામીનીઆન પારસી શાહાનશાતની જાહોજહલાલીનું ઉપલું દીલપસંદ વર્ણન આપતાં અતરે સેહેજ ઠોબવાની અગત જોઈએ છીએ, અને તેમ કરતાં ખુદ પારસી શાહનશાત જાહેરમાં આવી તે આગમચ એશીઆ ખંડમાં હાકમી ભોગવી ગયલા મીદીઅન, જરથોસ્તીઓ ઉપર કાંઇક નજર નાખી તેમની સેહેજ તપાસ કરવા ચાહીએ છિએ.

અવસ્તામાં જેમ 'પારસી' તેમજ 'મીદીઅન' એ બંને નામો મળી આવતાં નથી, તેમજ એ બંને ટોળાંઓ જોકે જરથોસ્તી ધર્મ પાળતા હતા તે છતાં, તેમના વિષે કે તેમની શાહાનશાતો વિષે અવસ્તામાંથી કાંઇબી ઇસારા મળી આવતા નથી. એ ઉપરથી અનુમાન કરવાને કારણ મળે છે કે એ ટોળાંઓ બનીને જાહેરમાં આવ્યાં તેની ઘણું આગમચ અવસ્તાના સઘળા પુસ્તકો રચાઇ ચુકયાં હતાં તોપણ મીદીઆ પ્રાંત અવસ્તામાં 'રઘા'ના નામથી જણાયલો છે, અને ત્યાંની હાકમી કોઇ જરથોસ્તી દસ્તુરાન દસ્તુરને હસ્તક હોય એમ જણાય છે. એ દસ્તુરો 'જરથુસ્ત્રો' અથવા 'જરથુસ્ત્રોતેમો' એ નામથી જાણીતા છે. કદીમ તવારીખનવેશોનાં પુસ્તકો ઉપરથી જણાય છે કે હજરત જરથોસ્તનાં જાહેર થવા પછી કેટલીક મુદતે ઉપલા જરથુસ્ત્રોતેમો માહેલા એકે ઇ૦ સ૦ પુ૦ ૨૨૩૪ વરસની વાતપર એક ભારે લશ્કર સહીત બાબેલન શેહેરને જીતી લઈ ત્યાં એક જરથોસ્તી શેહેનશાત સ્થાપી હતી. એ શેહેનશાત લગભગ બસો વરસો સુધી ચાલી હતી, અને તે દરમેયાન ત્યાં આઠ પાદશાહો જરથુસ્ત્રોતેમોને નામે રાજ ચલાવી ગયા હતા. પાછળથી તેમનું બળ કમી થતાં, બાબેલોન્યનો એ બળવો ઉઠાવીને પાછા સ્વતંત્ર થયલા લાગા હતા.

હવે બીજી તરફથી પાદશાહ કયે વીસ્તાસ્પ પછી કયાની શાહાનશાત કેટલાએક જમાનાઓ સુધી કાયમ રહેલી લાગે છે, પણ તેની વીગતવાર તવારીખ હજી કોઠેથી પણ મળી આવી નથી. એ શેહેનશાતનો છેલો પાદશાહ 'હુક્ષથ્ર' આસરે ઇ૦ સ૦ પુ૦ ૨૧૫૦ના સાલમાં બલખ શેહેરમાં રાજ કરતો હતો. એ અઇયામમાં એસીરીઅન જેવાં બુતપરસ્ત સેમેટીક ટોળાનો દહાડો ઘણો ચઢી ગયો હતો, અને તેઓએ મોહોટી મોહોટી ફતેહોથી લગભગ આખા

એશીઆખંડમાં પોતાનો ત્રાસ બેસાડી દીધો હતો. એમના પાદશાહ 'નાઇનસ' તથા રાણી 'સેમીરામીસે' ઉપર જણાવેલા સાલમાં વીસ લાખ માણસોની જબરદસ્ત ફોજ સહીત કેયાનીઓના પાયતખ્ત બલ્ખ શેહેર ઉપર ધસારો લઇ ગયાં. હુક્ષથ્ર પણ ચાર લાખ માણસો સહીત તેમની સામે થયો અને ઘણીજ બળતવારીથી લડયો હતો, પણ દુશ્મનનાં ભારે બળ આગળ અંતે લાચાર થઇ પડયો. દુશ્મનોએ તેનું નામીચું રાજ્ય ફતેહ કીધું. તે વેળા ધર્મની જાળવણીને માટે દીનદાર જરથોસ્તીઓ બલ્ખથી નીકળીને કેટલીક સદી સુધી અફળાતા ઝીંકાતા અંતે ઇરાનની પશ્ચિમે પારસ પ્રાંતમાં વાસો કર્યો અને ત્યાં એક નાહાનું સરખું રાજ્ય સ્થાપ્યું, જે પાછળથી કુરૂસ, કુબુજ્ય, દારયવોસ અને ક્ષયારસા જેવા હખામની પાદશાહોના અમળમાં કીર્તીવંત પારસી શેહેનશાત તરીકે દીપી નીકળ્યું હતું.

રઘા દેશના જરથોશતીઓએભી ઘણાજ પુરાતન જમાનામાં ઠીક દોર મચાવ્યો હતો, પણ વખ્ત જતે તેમની શત્તા પણ કમી થઈ ગઇ અને તેઓને પણ આ એસીરીએન તથા બાબેલોન્યનોને તાબે થવું પડયું. કેટલીક સદીઓ સુધી આ રાઘીસ અથવા મીદોઅન જરથોસ્તીઓ પારકી સતાની જુહુસરી હેઠળ રહયા. પણ ટક મળતાં ઇ૦ સ૦ પુ૦ ૭૦૮ માં તેઓએ આસીરીઅન લોકો સામે એક ભારે અને ફતેહમંદ બળવો ઉઠાવીને સ્વતંત્ર થઇ ગયા. તે વેળા પોતાના પેહલેવેહેલા પાદશાહ તરીકે તેઓએ 'દેજોસીસ' નામે એક દાનેશમંદ જરથોસ્તીને ચુંટી કાઢયો હતો. તે પાદશાહે પોતાનું પાયતખ્ત બનાવવા માટે 'હગમતાના' એટલે 'અકબટ્ટાના' નામે પાછળથી ઘણાંજ નામીચાં થયલાં શેહરોની જગ્યા પસંદ કરીને ત્યાં જે શેહર વસાવ્યું તેનો અહેવાલ નીચે આપ્યે છિએ:—

'હગમતાના' અથવા 'આકબતાના' શેહેરનું વરણન—આ નવું શેહેર કેવું નામીચું હતું, અને તેની આસપાસ જે સાત મોહોટી દીવાલો બાંધવામાં આવી હતી, તે દીવાલો કેવી અજાયબી ઉત્પંન કરતી હતી, તે વિષે તવારીખનો પિતા હીરોડોતસ પોતાનાં 'કલીઓ' નામના પુસ્તકમાં જણાવી જાય છે કે :—

"અકબતાનામાં જે સાત દીવાલો બાંધવામાં આવી હતી, તે ઘણી ધ્યાન આપવા જોગ બંધાઈ હતી. એ દીવાલો એક એકની આસપાસ ગોળ આકારમાં બાંધેલી હતી, અને તેમને કીલ્લાની મુવાફેક એવી બનાવી હતી કે દરેક દીવાલ એક બીજીથી ઉંચાઇમાં ચઢતી હતી. તે એક ઘેરાવ વાલી જગ્યા ઉપર બાંધેલી હોવાથી તેમનો દેખાવ દુરથી ઘણોજ રળીઆમણો લાગતો હતો. એ દીવાલો માહેલી સૌથી મોહોટીનો ઘેરાવો 'એથન્સ' શેહેરના વિસ્તાર જેવડો હતો. તેમાં પેહેલી સફેદ રંગના પથરથી, બીજી કાળા રંગના પથરથી, ત્રીજી જાંબુરા રંગના પથરોથી, ચોથી આસમાની રંગના તથા પાંચમી ચળકતા રાતા રંગના પથરોથી બાંધી હતી. બાકીની બે દીવાલોમાં છઠી દીવાલ ઉપર તદન રૂપાંનો અને સાતમી દીવાલ ઉપર ખાલેશ સોનાનો ઘોર (ગીલીટ) ચઢાવેલો હતો."

આ નામીચી દીવાલો વિષે જે બ્યાંન બીજા મુશાફરો પોતાનાં પુસ્તકોમાં આપી ગયા છે, તેમાં વધુ એમ જણાવે છે કે :—

"અકબટાનાવાલા શેહેરની દીવાલો ઉંચાઇમાં ૧૩૦) ફીટની અને ૯૪) ફીટ પોહોળાઇમાં હતી, અને તેમનો નીચલો પાયો પોહોળાઇમાં ૧૧૨) ફીટનો હતો, અને તેની મોહોટી ભાગળોને મથાળેના બુરૂજો ઉંચાઇમાં ૧૮૦) ફીટના હતા. એ દીવાલોની બાંધણી તમામ સફાઇદાર પથરોથી કરવામાં આવી હતી, જેમાના એક એક પથરનો ચીરો લંબાઇમાં ૧૧) ફીટનો અને પોહોળાઇમાં ૩) ફીટનો હતો. આ દીવાલો માહેલી છેલી દીવાલમાં પાદશાહી મેહેલ બાંધેલો હતો, જે દુનીયા માહેલા સર્વે મેહેલો કરતાં ઘણોજ નામીચો ગણાતો હતો. તેની બાંધણીનો

ઘેરાવો એક માઇલ જેટલો હતો. તેના થાભલાઓ, દરવાજા, માળના પેહેડીઆં તથા શીલીંગો ઉપર સોના તથા રૂપાનાં પતરાંઓ જડી લીધેલાં હતાં, તેમજ તેનાં છાપરાં ઉપરનાં સઘળાં નળીઆંઓ રૂપાંનાં ચઢાવેલાં હતાં. એ નામીચા મેહેલમાં પાદશાહી ખજાનો રાખવામાં આવેલો હતો, અને તેમાં કેટલાંક પુસ્તકોબી સંગ્રહેલાં હતાં."

સેકંદરે ઇરાન ઉપર ચઢાઇ કરી ફતેહ મેળવી, તે પછી તેણુ અને તેના વારેસો 'એનટીગોનસ' અને 'સીલ્યુકસ નીકેટરે' આ માહાભારત મેંહેલને લુટીઆ પછી ભાંજી ફોડીને તારાજ કરી નાખ્યો હતો.

ઇસ્તખર અથવા પરસીપોલીસ એટલે તખ્તે જમશેદવાલા શેહેરના માહાભારત મેહેલો—પરસીપોલીસ યાને પારસીઓનું શેહેર, જેને ઇસ્તખર અથવા તખ્તે જમશેદનાં નામથી ઓળખવામાં આવે છે. તે નામીચું શેહેર પ્રથમ કયા પાદશાહે વસાવ્યું, તે માહેલા માહાભારત મેહેલો કોણે બંધાવ્યા, તે કેવા હતા તે સઘળું જાણવાજોગ હોવાથી તેને લગતી વિગતો નીચે આપ્યે છિએ.

હખામનીઆન વંશના માહાત્મા શાહાનશાહ સાઇરસે, મીડીઅન પાદશાહ એસ્તાયજીસને લડાઇમાં હરાવી તેનું પાયતખ્ત ફતેહ કરવા પછી ઇ૦ સ૦ પુ૦ ૫૫૮ ના વરસમાં પારસી શાહનશાત સ્થાપી તે વેળા ઉપલું શેહેર વસાવી ત્યાં પોતાનું પાયતખ્ત કીધું હતું. તેનાં મરણ પછી કેટલીક મુદતે તેનો જમાઇ દરાયસ હીસ્તાસ્પીસ તખ્ત ઉપર બેઠો હતો. તે નામવરે આ શેહેરમાં એક ગંજાવર મેહેલ બાંધવા માંડયો હતો, પણ તે પુરો થાય તેટલામાં તે મરણ પામ્યો; તેથી તેના નામદાર બેટા જરકસીસે તખ્તે આવવા પછી તે પુરો કીધો હતો.

એ નામીચો મેહેલ કેવી જગ્યા ઉપર હતો, અને તેનું બાંધકામ કેવું હતું, તે વિષે જુદા જુદા મુસાફરો એ મેહેલ જાતે જોઇ આવ્યા પછી પોતાનાં પુસ્તકોમાં જુદી જુદી બાબદોથી જણાવી ગયા છે; તેને લગતી વિગતો તવારીખનાં પુસ્તકો ઉપરથી, તેમજ મરહુમ શેઠ શાહોરાબજી શાપુરજી બંગાલી સી. આઈ. ઈ.નાં ચુંટી કાઢેલાં લખાણો પરથી નીચે આપ્યે છિએ:—

"આરાકસીસ નદીની જમણી બાજુના કીનારાની ઉપર ચાર બાજુએથી ઘેરાયલા પાહાડોની હેઠળ "મરદસ્ત"નાં મેદાનમાં એ મેહેલ બાંધવામાં આવ્યો હતો, કે જે હાલ તદન બીસ્માર હાલતે પુગો છે. એ મેહેલની ભરણીવાલો ઓટલો જમીનથી ૪૫ ફુટ ઉંચો છે. ઓટલા ઉપર ચઢવાની સીડીડીઓ એટલી તો મોહોટી છે કે એક એક સીડીડી બે ફરલાંગ જેટલી ઉંચી થાય છે. તે પોહોળાઇમાં ૨૨) ફુટ છે, અને તેના દરેક પગથ્યાં ૧૫) ઇંચ પોહોળાં તથા ૩॥) ઇંચ ઉંચા છે, તેથી કરી તેનાપર ઘોડેસ્વારો ચઢી શકે એવી તે સપાટ બનાવી છે. તેને એટલી નીચી બનાવાનું કારણ એ કે તેઓની ઉપરથી પાદશાહો ઘોડેસ્વાર થઇને ચઢી જતા હતા. એ સીડીડીઓ સંગેમરમરના પથરોથી બાંધેલી હતી. એ પથરો એટલા મોહોટા લીધેલા છે કે એક એક પથરમાંથી પાંચ પાંચ છ છ પગથ્યાં ઘડી કાઢેલાં છે, અને તે બધાં કોતરકાંમની નકશીથી ભરી નાખેલાં છે. એ સીડીડીની તારીફ કરતાં ફરગ્યુસન કહે છે કે 'દુનિયામાં મળી આવતા એવા દાખલાંમાં તે સરવથી ઉતમ નમુનો છે.' ઓટલા ઉપર જવા પછી મોટા મોટા હૉલો બાંધેલા છે કે જેઓને ૧૦૦) સ્થંભો ઉપર ટેકવેલા છે." એ ઓટલાની લંબાઇ ૧૫૦૦) ફુટની છે અને પોહોળાઇ ૮૦૦) થી ૯૦૦) ફુટ સુધી થવા જાય છે. આ માહાભારત મેહેલનો એકંદર વિસ્તાર ૧,૦૫,૦૦૦) સમચોરસ ફીટનો છે. આવી ભારે ઇમારત આજદન સુધી દુનિયાંમાં કદાચજ બંધાઇ હશે. એ મેહેલ માહેલો ૧૦૦) સ્થંભોવાલો હૉલ ૨૨૫) ફુટ લાંબો અને તેટલોજ પોહોળો છે; કે જેની દેવાલની જાડાઇ ૧૧) ફુટ સુધીની છે. એ પાદશાહી મેહેલ તમામ કાળા સંગેમરમરથી બાંધી લીધેલો છે; કે જેવા પથરો પરસીપોલીસવાલાં શેહેરની નજદીક

માં મળી શકતા નથી, પણ દુરના દેશોમાંથી લાવવામાં આવેલા લાગે છે. એ મેહેલમાં સંગે મરમરના પથરોનું જે બાંધકામ કરવામાં આવ્યું છે, તે પથરોના ચીરાઓ અતી મોહોટા કદના છે. ચેહેલમીનારવાલા મેહેલનો અકેકો મીનારો ૬૪) ફીટ જેટલો ઉંચો હતો. તે મીનારાઓની મુસાફરોએ તપાસ કરવાપરથી એવું માલુમ પડયું હતું કે તે દરેક મીનારો માત્ર ત્રણ પથરના કકડાઓથી ઉભો કીધો છે અને તે દરેક કકડો એવી તો કારીગરીથી જોડીઓ છે કે નજદીક જઇ ચોકસ તપાસ કીધા વગર સાંધા માલુમ પડતા નથી. આ કારીગરી જોઇને 'નીહીબર' નામનો એક પ્રખ્યાત મુસાફર પારસી ઇજનેરોની તારીફ કરતાં લખે છે કે "પુરાતન ઇરાની ઇજનેરો ઘણા કાબેલ હોવા જોઇએ." ઉપલો વિદવાન મુસાફર પરસીપોલીસવાલા મેહેલમાંથી એક તખ્તીનો લેખ ઉતારી લાવ્યો હતો, તેમાં આ નામીચો મેહેલ પાદશાહ દરાયસ હીસ્તાસ્પીસને માટે 'અરદસ્તા' નામે એક ઇજનેરે બાંધ્યો હતો એમ જણાવે છે.

આ મેહેલો વિષે સર રોબર્ટ કેરપોર્ટર તથા સર વીલીયમ અઉસલી જેવા નામીચા અંગ્રેજ મુસાફરોએ આપેલા અહેવાલો નીચે પ્રમાણે :—

"તખ્તે જમશેદ વાલું શેહેર એક પાહાડની હેઠલ આવ્યું છે, ત્યાં દાખલ થતાં દેખાવ ઘણો બુલંદ દીસે છે. અહીંઆં બાંધેલા મેહેલનો ઓટલો અથવા તખ્તનો પાયો જમીનથી આશરે ૪૫) ફુટ ઉંચો છે. તેને આસપાસથી સઘળો સંગેમરમરથી બાંધી લીધેલો છે, અને તે ઉપર ચઢવાને બે માહાભારત સીહીડીઓ બનાવેલી છે. એ દરેક સીહીડી એજ પથરની બાંધેલી છે, તે આશરે ૨૨) ફુટ પોહોળી છે, અને તે ચઢવાની એટલી તો સેહેલી છે કે મુસાફરો પોતાના ઘોડાઓ સાથે ઉપર જઇ શકે છે. એ ઓટલો મુકવા પછી આગળ ચાલતાં બીજું એક ઉંચું તખ્ત અથવા ઓટલો નજર આવે છે, તેને પણ સીહીડીઓ મુકેલી છે, અને એજ પ્રમાણે એક પછી બીજા ઉંચા પાંચ તબક્કાનું બાંધકામ કીધેલું છે. તે ઉપરથી 'કરટીઅસ' નામનો રૂમી ગ્રંથકાર લખે છે કે "પરસીપોલીસ ઉગમણ પ્રાંતની મોહોટાઇની એક તેજભરી નીશાન છે, અને હાલના જમાનાનું કોઈબી શેહેર તેની બરોબરીનું સરખાઇ શકાતું નથી." એ તખ્તના પેહેલા તબક્કા ઉપર સીહીડીપરથી અંદર દાખલ થતાં ચાર દરવાજાઓ આવે છે, તે દરવાજા હમણાં ભાંગી પડયા છે, પણ તેમનું બાંધકામ ઘણુંજ માહાભારત દેખાય છે, અને તખતે જમશેદની બીજી સઘળી ચીજોની મુવાફેક એ દરવાજાઓ પણ ઝલકતા સંગેમરમરના પથરોથી બાંધેલા છે. એ દરવાજાઓની બાજુઓપર ગોયા ચોકીદારો દાખલ ગોધાનાં મોહોડાંના ચિતારો કોટરી કાઢેલાં છે અને તેઓની બાજુમાં મોહોટી પાંખો આપેલી છે. એ પુતલાંઓ તમામ કાળા પથરનાં છે, તેઓના બાલ તથા બીજી નીશાનો ઘણી બારીકીથી કોતરી કાઢેલી છે, અને તે ગોધાઓ હમણાનાં ચોપગાં જાત જાતનાં જાનવરો કરતાં કદમાં વધારે છે. એ ગોધાઓને પથરના ૫) ફીટ ઉંચા એક તખતા ઉપર ગોઠવેલા છે, અને તેઓનાં ગળાંમાં ગોલાબના ફુલના હાર તથા બીજી ચીજોનો સીનગાર આપેલો છે, તથા તેઓનાં માથાં ઉપર ખીલારોકા હરફોવાલી તખતીઓ કોતરેલી છે. એ જગ્યા પસાર કી' : પછી અંદર જતાં ચાર મીનારાઓનો એક ચોક આવેલો છે, તેમાના બે મીનારા હજી કાયમ છે. એ મીનારા સુમારે ૪૫) ફીટ ઉંચા છે. તેઓનાં મથાળાંપર હમણાં કાંઇ દીસતું નથી; પણ કાંઇ ધર્મની નીશાનીની ચીજ હોવી જોઇએ. અહીંઆં પથરમાંથી કોતરી કાઢેલા તરેહવાર ચિતારો જોવામાં આવે છે, તેમાં ઘણાંક જાનવરોના પણ છે. પણ તે મુર્તીઓ અચરત સરખી છે. [ચાને વાઘ અથવા સિંહના બદનની મુર્તીને ગીદ્દની સીકલ આપી છે. એજ પ્રમાણે ગોધાના બદનને વાઘનું અને કોઇને માણસનું મોહોડું કોતરેલું છે. એવી બેસુમાર તખતીઓ હારબંધ જોવામાં આવે છે. એ હૉલ મુકી આગળ ચાલતાં એક માહાભારત તખતની બેઠક જોવામાં આવે છે, કે જેના ઉમદા મીનારાપરથી

એ મકાનને ચેહેલમીનાર કરીમે હાલનાઓ કહે છે: એ તખતના પાંચ તબક્કા માહેલા એ બીજો તબકકો છે. સર કેરપોર્ટર કહે છે કે; "એ તબક્કા આગળ આવતાં તેની ઉમદા સીહીડી જે ૨૧૨) ફીટ લાંબી છે તેની કારીગરી જોઇને માણસની આંખ આનંદ પામે છે. એ સીહીડીનો આગળો ભાગ સંગેમરમરમાં કોતરી કાઢેલાં ચિત્રોથી ભરી નાખેલો છે, કે તે જોઈનેજ આપણી નજર છક થઇ જાય છે. આગળા વખતના ઇરાનીઓ જંગલના પ્રાડી ખાનારાં જાનવરોનો શેકાર કરવાને ઘણો શોખ રાખતા હતા, તેની નીશાની દાખલ આ જગોપર તરેહવાર નકશો કોતરેલા છે." એ સીહીડીની બોરડુમાંથી ઘણી વેગળાઈ સુધી હારબંધ પુતલાંઓ કોતરી કાઢેલાં છે, તેમાં માણસો ભાતભાતની ચીજો પોતાના હાથમાં પકડી લઈ જતાં જોવામાં આવે છે. તે ઉપરથી એવું ધારવામાં આવે છે કે ઇરાની લોકોના આગળા રેવાજ પ્રમાણે જમશેદી નોરોજને દીને જુદાં જુદાં પરગણાંઓના સરદારો પાદશાહની હજુર નજરાણાં લઈ આવતા હતા તે બતલાવવા માટે આ ચિતારો આપવામાં આવેલા છે. ચેહેલમીનારવાલા મેહેલ વિષે સર કેરપોરટર કહે છે કે "જે દેખાવ આપણી નજરે પડે છે, તેવા માહાભારત મોતેબરીભરયા ચુપ અને પડી ભાંગેલા દેખાવો કદી આપણા જોવામાં આવે એવું નથી." સેકંદરે ઇરાનીઓપર ફતેહ મેળવી અને જ્યાં તેણે પોતાનો દમદમામીનો ઝુંડો ઉડાર્યો તે મેહેલના મીનારાઓ તથા મુર્તીઓ, અને ઈમારતોના તરેહવાર પથરોના કકડાઓથી આજે વેરાન હાલતમાં આવી ગયાં છે, કે જેની કોતરી કાઢેલી નકશીઓ ઘણીજ તારીફ લાયક કારીગરીની છે, અને ત્યાં ઘણાક મીનારાઓ પડી ભાંગેલા છે, પણ એક મીનારો હજી ઉભો છે તે આશરે ૬૦) ફીટ ઉંચો છે. એ તખતની સામેની બાજુપર પાદશાહ તથા તેની દરબારના માણસોને સુર્યની રજાલથી બચાવ કરવાને એક પરદો બનાવ્યો છે, એ પરદો બીજા તબક્કાપર છે. પેહેલા તબક્કામાં દાખલ થવાના દરવાજા તથા ચોક છે. બીજા તબક્કાપર ચાલીસ મીનારાઓનો મેહેલ છે. ત્રીજા તબક્કાપર એક ઈમારત બાંધેલી છે, અને વળી તેનેથી દુર ઉંચા તબક્કાપર ભાંગી પડેલી ઇમારતોના ઘણાએક મીનારાઓ છે. એ ચાર તબક્કા મુકયા પછી બીજો ઘણો ઉંચો પણ આગળના કરતાં નાહાનો પાંચમો તબકકો આવે છે, તે વિષે સર કેરપોરટર ધારે છે કે, એ પાદશાહને રેહેવાનું મકાન હશે. ત્રીજા તબક્કાપરના ચિતારો માહેલા કેટલાક હાથ લાગ્યા છે, તે ઉપરથી પાદશાહ તથા તેની પછવાડે તેના બે છત્રબરદારોની મુર્તીઓ માલુમ પડે છે. એજ જગોની વચમાં એક ભોંયરૂં છે, તે માર્ગે એક પાણીના ઝરા તરફ જવાનો રસ્તો છે. એ મેહેલના એક દરવાજા આગળથી પસાર થઈ આગળ ચાલતાં એક તખ્તી નજર આવે છે, જે તખતીમાં એક પાદશાહ (દરાયસ-હીસ્તાસ્પીસ)ની મુર્તી કોતરી કાઢેલી છે. એ પાદશાહ એક ઉંચી ખુરસી જેવાં તખત ઉપર બેઠેલો છે, અને તેનાં માથાં ઉપર ચંદરવો બાંધેલો છે. તેની આસપાસ નાજુક પરીઓ ઉભેલી છે. તે ખુરસીને ઝાલર, તથા પરદા અને બીજાં નકશીકામથી સીનગારેલી છે, તેમજ તેમની બાજુઓપર ગોધા તથા સિંહોની મુર્તીઓ છે. એ ખુરસીને સિંહના પંજા આપેલા છે, અને તેની સામે પાદશાહના પગ મુકવાનું એક સ્તુલ મુકેલું છે, તેને ગોધાના પગના આકારો આપેલા છે. એ પાદશાહનો પેહેરવાસ પાછલા જમાનાના પાદશાહોની મુવાફેક ઝવેરાત ભરેલો નથી, પણ તેણે ઘણો સાદો પોશાક પેહેડેલો છે. એ પાદશાહના જમણા હાથમાં પોતાની હકુમતની લાકડી પકડેલી છે, અને ડાબા હાથમાં એક ફુલ ધરેલું છે. તેની પછવાડે એક ચમરબરદાર, બીજો કમાન ધરનાર અને ત્રીજો શમશીરબરદાર ઉભો છે, અને બાજુપર લાંબા જભાવાલો એક મરદ ઉભેલો છે,તે પાદશાહનો વજીર હોય એમ લાગે છે. પાદશાહની સામે થોડીક વેગળાઇએ બંને બાજુ ઉપર માણસોની પાંચ પાંચની હાર છે. તે સઘળા તેના ખીદમતગારો અથવા તો દરબારનાં માણસો છે. એ પાંચ હારો માંહેલી દરેક હાર વચે ગુલાબનાં ફુલની કંગણ મુકી છે. અને

એ હારમાં પાદશાહે પોતાના સરદારોને પદવી પ્રમાણે ચઢતા ઉતરતા ઉભા રાખયા હોય એમ ધારવામાં આવે છે. એ પાદશાહનું તખત એટલું ઉંચું છે કે તેપર ચઢવાને માટે પાંચ સીડી બનાવેલી છે.

આ મેહેલમાં બીજાં તરેહવાર ચિત્રો તથા મુર્તીઓ છે, જેનું સઘળું બેયાન જો લખવા બેસીએ તો એક મોહોટું પુસ્તક થઇ જાય. પણ ઉપર જે વિગતો આપી છે, તેથી અલબતે એ માહાભારત મેહેલની ટુંકમાંજ જણાવેલી બીના મોતેબર માલુમ પડયા વગર રેહેશે નહીં. આ નામીચા જગપ્રસીધ મેહેલ વિષે બીજા જુદા જુદા વિધ્વાનો જે જોઈને મત આપી ગયા છે; તે હવે નીચે ઉતારીએ છિએ.

ખ્રી૦ સ૦ ૧૬૩૮ના સાલમાં "માડલીસો" નામનો એક મુસાફર ઇસ્પાનથી હિંદુસ્થાન ખાતે મુસાફરીને સારૂ નીકળયો હતો; તે રસ્તામાં પારસીપોલીસ શેહેર જોઇ આવ્યો, તે વિષે તે પોતાનાં પુસ્તકમાં જણાવે છે કે "પારસીપોલીસમાં ચેહલેમીનાર નામનો એક મેહલ છે, જેને તેના ચાલીસ મીનારાઓપરથી એ નામ આપવામાં આવ્યું છે. ખરેખર દુનિયામાં કદી બીજો એવો મેહેલ બંધાયો નહીં હોય, તેવા એક મેહેલની એ ભાગી પડેલી નીશાન છે. ઈરાનીઓ કહે છે કે એ મેહેલ તેઓના આગળા બાદશાહ દારાંએ બાંધ્યો હતો. એ મેહેલના હાલમાં ૧૯) મીનારાઓ કાયમ છે, અને તે સંગેમરમરના પથરથી ઉભા કીધેલા છે. તે એટલાતો સફાઇદાર પાલીસ કીધેલા છે કે જાયા મોહું જોવાની આરસીની મુવાફેક કામમાં આવી શકે છે. એ મેહેલના હાલોમાં તખ્તીઓપર કેટલાક અંજાણી જાતુનાં (ખીલારોકા) હરૂફોછે, કે જે હીબરૂ, યુનાની, અરબી અથવા હરેકોઈ બીજી ભાષાને કસી રીતે મળતા આવતા નથી. એ હરૂફો એવી તો રીતે કોતરેલા છે કે જે શખ્સ એ કાંમપર લાગો હશે, તે કદી ગાફેલ કહેવાઇ શકાશે નહીં. એ હરૂફો વિષે કેટલાકો એવું ધારે છે કે તે છુપા તલેસ્માતી હરફો છે. એ મેહેલમાં એટલાં તો ચિત્રોછે કે એક ચિતારાને તે સઘળાં ઉતારી લેવાં છ મહીના જોઇએ. એ નામીચા મેહેલની પડોસમાં વસતાં અનઘડ લોકો પોતાનાં બાંધકામને કીજે તેના ઉમદા પથરો ખણી લઇ જાય છે તેમજ બીજી ભાંજફોડ કરે છે. અફસોસ છે કે આવા જંગલી લોકોને કોઈ અટકાવી શકતું નથી. હાલના ઇરાનના અભણ રેહેવાસીઓ એ બેકીમતી નીશાનોની જાળવણી કરતા નથી."

"કરટીઅસ" નામનો એક મુસાફર એ મેહેલ વિષે પોતાનાં પુસ્તકમાં જણાવે છે કેઃ—

"પારસીપોલીસ ઉગમણુ પ્રાંતની મોહોટાઇની એક તેજભરી નીશાન છે, અને હમણાના જમાનાનું કોઇબી શેહેર તેની બરોબરીનું સરખાવી શકાતું નથી."

ખ્રી૦ સ૦ ૧૬૧૯ માં સ્પેન દેશના પાદશાહની તરફથી 'સીનોર શીગારો' ઇરાનની દરબાર ખાતે એલચી દાખલ ગયો હતો. તેણે પારસી પોલીસવાલો મેહેલ જોઇને પોતાના પાદશાહ ઉપર લખી જણાવ્યું હતું કે "રોમમાં મેં જે કાંઇ જોયું છે તે કરતાં આ મુકામ અતી ઘણું મહાભારત છે. દુનિયામાં આગળા જમાનાની મોહોટાઇની આ એક ખરેખરી નીશાન રહી ગઇ છે. અને દુનિયામાં આપણે જે કાંઇ મોજેજા આજદન સુધી સાંભળયે અથવા જોઇએ, તેના કરતાં એ તખ્તની મોતેબરી મોહોટી છે. તેની બનાવતની ચીજો કીંમતી છે, અને તે કરતાં તેની કારીગરી વધારે કીંમતી છે. કુદરત અને માણસના હુંનરે જીગરની અચરતી અને મોજને વાસ્તે આ મેહેલ બાંધ્યો છે."

'ફાધર એનજીલો' નામનો ક્રીસ્તી ધર્મ-ગુરૂ જણાવે છે કેઃ—

"બુર્જોગે રોમ તખ્તે જમશીદ આગળ જમીનદોસ્ત જેવું છે"

'ટવનાટ નામનો ફ્રેંચ ગ્રંથકાર પરસીપોલીસવાલો મેહેલ જોઇ આવ્યા પછી પોતાનાં પુસ્તકમાં લખી ગયો છે કેઃ— "હું યકીનથી જણાઉં છું કે ઈરાનમાંની આ જગો મીસરની ઉમદા ઇમારતો કરતાં ઘણી ખુબસુરત અને ઘણી ઉમદા છે."

'સારડીન' નામનો એક ફરેંચ મુસાફર પરશીપોલીસવાલો મેહેલ જોઈ આવ્યા પછી પોતાનાં પુસ્તકમાં જણાવે છે કે:—"મેં આ દુનિઆમાં આવું મોહોટું અને માહભારત બાંધકામ કશુ જોયું નથી."

'સર રાબર્ટ કેરપૉર્ટર' ઈ૦ સ૦ ૧૮૧૮ માં ઈરાનખાતે મુસાફરી ગયો હતો. તે પોતાનાં પુસ્તકમાં એ મેહેલ વિષે લખી જાય છે કે:—"જે દેખાવ આપણી નજર સામણુ આવે છે, તેવા મહાભારત, મોતેબરી ભર્યા, ચુપ અને પડી ભાગેલા દેખાવ કદી આપણા જોવામાં આવ્યા નથી. ખુબસુરતી અને મોતેબરી જોતાં મનની લેહેજત એ જગ્યા ઉપરથી જલદીથી સંતોષ પામ્યા પછી પાછી હટતી નથી"

'સર વીલ્યમ અઉસલી' ઈ૦ સ૦ ૧૮૧૧ માં ઇરાનની મુસાફરી કરી આવ્યા પછી પોતાનાં પુસ્તકમાં જણાવેછે કે:—"પાદશાહ જમશેદનાં તખ્તની મોહોટાઇ મેં ખોટી રીતે વધારી નથી. જવાન મુસાફરો પોતાનાં મગજમાં ઉછળતા વિચારો લઇને આવેછે, તેઓજ નહીં, પણ શેયાના અને ઘણાં વરસોની માહીતગારીવાળા મુસાફરો જયારે આ માહાભારત જગ્યાની નજદીક આવે છે, ત્યારે તેઓનો જીવ ઉગમણુ પ્રાંતના કીસ્સાઓની અસરથી ભરપુર થાય છે, અને આ બુલંદ કામ જોઇને તેઓ એવા તો અચરતીમાં પડે છે કે તેની તારીફ જણાવાને તેઓને શબ્દો વટીક મળી આવતા નથી."

સર ટૉમસ હરબટ નામનો એક મુસાફર એ નામીચા મેહેલ વિષે પોતાનાં પુસ્તકમાં લખી જાયછે કે:—"એ મેહેલ તેની સંપુર્ણ હાલતમાં નહીં બોલી શકાય એવી મોહોટાઇ અને એક્કાપણું વગર શકે બતાવે છે.

સર જાન.માલકમ પોતાની ઇરાનની તવારીખવાલાં પેહેલા પુસ્તકના સાતમા બાબમાં પરસી પોલીસવાલા મેહલ વીસે લખતાં એમ જણાવે છે કે:—

"પરસી પોલીસના મેહેલની તારાજ નીશાનો અતીઆર સુધી રહી ગયલી નીશાનોમાં સઉથી સરસ ભપકાદાર નીશાન ગણાયએ છે, અને આ ગંજાવર ઈમારતનો જે ભાગ બચી રહેલો છે તે ઉપરથી આપણે એવું કહી શકીએ છે કે જે, તે ગ્રીસ અથવા રૂમના સઉથી સરસ કામોની એક વખતે બરોબરી કરી શકતી હતી. એની ખુબસુરતી વીશે ચુનોચરા હેવાલ આપવાની આ કાંઇ જગા નથી. એ કાંમ વીશે કેટલાએક વખણાએલા મુસાફરો તથા ચીતારાઓના વખત રોકાએલો છે.

કીમતી ધાતુઓનાં બાંધેલા એબાદતખાનાં—હખામનીઅન વંશનો પાદશાહ "આરતે જરકસીસ નીમન" (યુનાની ભાષામાં 'નીમન' એટલે સારી યાદદાસ્તવાલો' થાય છે) કે જેને અરદેશર બીજો કરીને તવારીખોમાં જણાવ્યો છે, તથા જે દરાયસ નોથસનો વડો બેટો થતો હતો, તે પોતાના બાપનાં મરણ બાદ ઇ૦ સ૦ પુ૦ ૪૦૪) નાં સાલમાં ઇરાનનાં તખત ઉપર બેઠો હતો. તેણે "અકબતાના" નાં નામીચાં શેહેરમાં 'આવાંઅર્દ્વીસુરયજદ'ની અરાધણા કરવા માટે એક એબાદ ઘાહ બાંધી હતી તે તમામ કીમતી ધાતુની બાંધી હતી. તે વિષે યુનાની ફીલસુફ 'પૉલીબ્યાસ' પોતાનાં પુસ્તકમાં જણાવે છે કે:—"આરતે જરકસીસ નીમને અકબતાના શેહેરમાં 'અનાઇટીસ'નું એક એબાદતખાનું બાંધ્યું હતું, તેના સ્થંભોપર સોનેરી ઘોળ ચઢાવેલો હતો, તથા તેની ઘણીખરી દેવાલો બટ રૂપાંની ઇંટની અને થોડીએક સોનાની ઈટની બાંધેલી હતી. તેમજ છાપરાં ઉપર રૂપાંનાં નળઆં ચઢાવેલાં જોવામાં આવતાં હતાં." આવું બંદગીનું મકાન બાંધેલું તવારીખોમાંથી કદાચજ જણાયલું હશે.

હખામન્યાન પારસી શાહનશાહતના સ્થાપનાર માહાત્મા કુરૂસ (સાઇરસ)નો ટુંક તાંત—આવી માહાન શાહાનશાતને લગતી જુદી જુદી બાબદો ઉપર વિવેચણ કર્યા

પછી, તેજ શાહનશાતના માહાન સ્થાપકની જીંદગીનો એક ટુંક અહેવાલ નીચે આપવાને અમો દરસ્ત ધાર્યે છિએ; અને આશા છે કે એ વૃતાંત અમારા જરથોસ્તી વાંચનાર ગૃહસ્થો તથા બાનુઓને મનપસંદ થઇ પડશેઃ—

હખામન્યાન વંશનો જગપ્રસીધ્ધ શાહનશાહ શાઇરસ, કે જેને ખીલારોકી તખતીઓમાં કુરૂશ (કાઇરસ) કરી જણાવેલો છે, તે પ્રારસ પ્રાંતના પારસી હાકેમ કંબાઇસીસનો છોકરો થતો હતો, એની માય મેનદેન મીડયન તાએફાવાળા જરથોસ્તી શાહનશાહ એસ્તાઇજીસની દીકરી થતી હતી. હીરોડોટસ નામનો પ્રખ્યાત યુનાની ગ્રંથકાર એના જન્મની કહાંણીને એક દંતકથાનાં રૂપમાં મુકી જાય છે.

સાઈરસ પોતાની નાની ઉમરમાંજ બહુ ચબરાક અને તીક્ષણ બુદ્ધીનો માલમ પડતો હતો. તે ૧૨ વરસનો થયો, તેટલાં પારસીઓની રાહ રસમ મુજબ તમામ જાતની કેળવણી લઇ હુશીયાર થયો હતો, તે પછી પોતાની માયની સાથે મમાવાની દરબારમાં ગયો, જેને જોઇને એસતાઇજીસ બહુ ખુશી થયો અને તેની હુશીયારી જોઇ તેના ઉપર ફીદા થઇ ગયો. સાઇરસ પોતાના મમાવાને સદા ખુશી રાખતો હતો અને તે પોતાના મમાવા એસ્તાઇજીસની દરબારમાં હમેશાં રહેતો હતો, અને ત્યાં તેના ઉપર એટલો બધો જાપતો રખાતો હતો, કે તેનાથી મુદલ-બહાર નીકળી શકાતું ન હતું. એક દીવસ તેના મનમાં એવો વીચાર આવ્યો કે, પોતાના બાપને ત્યાં જઈ તદન સ્વતંત્ર રીતે રહેવું. આથી પોતાના મમાવાને તેણે અરજ કીધી કે, મારો બાપ માંદો છે, અને તેની આગળ હાજર રહેવાની મારી ફરજ છે, માટે મને ઈરાંન જવાની રજા આપવી. આ અરજ ઉપર પાદશાહે કાંઇપણ ધ્યાન આપયું નહીં, અને તેણે કહયું કે તારા ઉપર મારું દીલ એટલું તો ફીદા છે કે, તને એક દીવસ પણ મારી નજર આગળથી દુર થવા દેનાર નથી. આ જવાબથી સાઇરસ મુગો રહયો. કેટલીક મુદત જવા પછી સાઇરસે પાદશાહના એક માનીતા નોકર મારફતે ફરીથી અરજ કીધી. આ વેળા પાદશાહે તેને થોડાક માસની રજા આપી, જેથી સાઈરસ ખુશી થયો, અને પોતાની સાથે થોડાક સાથીઓને લઇને પોતાના બાપના વતન તરફ ચાલ્યો.

હવે સાઇરસના ગયા પછી પાદશાહના જાણવામાં એવી વાત આવી કે, જોશીઓના વરતારા મુજબ સાઇરસ પારસીઓનો ભવીશયનો પાદશાહ થશે. આથી સાઇરસને જતો મેલવા માટે તે બહુ પસતાવામાં પડયો અને તુરતજ એક સરદારને કેટલીક ફોજ આપીને કહયું કે, સાઇરસને મુવેલો યા જીવતો કોઇપણ જગ્યાએથી પકડી લાવવો. પાદશાહનો હુકમ સાંભળી પેલો સરદાર તુરત સાઇરસને પકડવા માટે બહુ ઉતાવળથી કુચ કરી ગયો, અને રાહમાં તેને એકદમ પકડી પાડયો અને પાદશાહના હુકમથી વાકેફ કરયો. સાઈરસ સઘળું સમજી લઇ તેને તાબે થયો, અને પાદશાહનાં પાયતખ્ત હમદાન તરફ પાછો ફરવાની ખુશી બતાવી. પણ એ વેળા સાંજ પડવા આવ્યાથી રાતવાસો ત્યાંજ કરવાની અને બીજી સહવારમાં કુચ કરી જવાની સાઇરસે પેલા સરદારને અરજ કીધી, જે તેણે બહાલ રાખી. તેજ રાતરે સાઇરસે પેલા સરદારને અને તેનાં માણસોને એક જયાફત આપી. આ વેળા પેલો સરદાર અને તેના માણસો ખુશીમાં આવી પુષકળ દારૂ પી મસ્ત થઈ ગયાં અને જયારેં તેઓ ભર ઊંઘમાં પડયા ત્યારે તેનો લાભ લઇ સાઇરસ અને તેના સાથીઓ ત્યાંથી નીકળી નાઠા, અને એક નજદીકનાં પારસી કીલ્લામાં જઇ પોહોચ્યા, જયાં આગમજથી ગોઠવણ કરવા મુજબ એક ઈરાંની ફોજ તૈયાર રાખવામાં આવી હતી. હવે પેલી તરફ પેલો સરદાર જયારે ખાબથી બેદાર થયો ત્યારે, સાઇરસને ત્યાં નહીં જોવાથી ધાભરો પડી સાઈરસની પુઠે દોડયો. પણ આ વખતે જુવાન સાઇરસ પોતેજ એક ઇરાંની ફોજની સરદારી લઇને તેની સાંમે આવ્યો, અને ત્યાં પહેલવહેલી એક લડાઇ થઇ જેમાં

પેલો સરદાર તથા તેનાં માણુસો માર ખાઇ નહાસી ગયાં. આ ખબર જયારે એસતાઇજીસ પાદશાહને થઇ ત્યારે તે બહુ ગુસ્સે થયો, અને એક મોટી ફોજ ભેગી કરીને સાઇરસના બાપનો મુલક જીતવા દોડયો. એ વેળા તેનાં મનમાં એવું હતું કે, મારાં ભારી લશકરથી હું સાઇરસ અને તેના બાપને પકડીને મારે વતન લઇ જઇશ, પણ સાઇરસ, તેનો પીતા કંબાઇસીસ, અને સઘલા પારસી સરદારો અને અમીર ઉમરાવોએ પોતાના દેશ ઉપર આવતો આ ધુજારો જોઇને દેશહીતકારીપણાથી અને અનેક સંપથી લડાઈ કરવાનો ઠરાવ કીધો અને તે સઘળાઓએ સાઇરસની સરદારી હેઠલ દુશમનની સાંમે એક મોટી ફોજ તુરત ઉભી કીધી, અને પોતાના બચાવમાં તૈયાર થઇ ઉભા. મીડયા અને પારસની સરહદ ઉપર આવેલા એક કીલ્લા નજદીકનાં મેદાનમાં સાઇરસ પોતાનાં લશકર સાથે સફસમારી ઉભો; એટલામાં દુશમન તરફથી ધસારો લાવનારી ફોજનો પહેલો ભાગ ઉતાવળે તયાં જઇ લાગ્યો; હીંયાં બંને લશકરો વચ્ચે એક ખુનખાર લડાઇ થઈ, તેમાં કોઈપણ ફોજ ફતેહ પામી નહીં. બીજે દીવસે ફરીથી લડાઈ શરૂ થઈ, જે વેળાએ મીડયન ફોજ ભારે હીંમતથી લડી ફતેહ પામીયાથી, અને પારસી કીલ્લો દુશમનોને હાથ ગયો તથા સાઇરસનો બાપ મારયો ગયો. આ સખત હારથી હીમત ન હારતાં સાઈરસ તુરત પોતાનાં પાયતખતને બચાવવા નીકળી ગયો. હવે એસતાઇજીસ આ ફતેહથી છલકાઇ જઇને પારસ શહેર ઉપર ધસારો લઇ ગયો. હીંઆં પારસીઓ ઘણી બાહાદુરીથી લડયા અને દુશમનને ભારે શીકસ્ત આપી. સાઈરસની આ ફતેહથી એસ્તાઇજીસ નહાસી ગયો. પણ બહાદુર સાઇરસે તેની પુઠ પકડી બીજીવાર લડાઇ કરીને અંતે પોતાના મમાવા એસ્તાઇજીસને કેદ પકડયો; અને તેનું પાયતખત હાથ કરીને પારસીઓની શાહનશાતનો પહેલવહેલો પાયો ઇ૦ સ૦ પુ૦ ૫૫૮ માં નાખયો.

હવે સાઇરસે બીજા નવા મુલકો જીતવાને તઈયારી કરવા માંડી. આથમણુ તરફ આવેલા એશીયા માઇનર દેશના "લીડયા" નામે પ્રાંત ઉપર સાઈરસ પેહેલી સવારી લઇ ગયો, અને "લીડયા" નાં નામીચાં પાયતખત શેહેર સારદીસ ઉપર ધસારો કરયો. આ દેશનો પાદશાહ "ક્રીસસ" જે એસતાયજીસનો સાલો કહેવાતો હતો, તે ઘણો બળવાન અને તવંગર હતો, તે સાઈરસની સામે થયો અને ઘણી બહાદુરીથી લડયો, પણ અંતે તે હારી ગયાથી તેનો મુલક સાઇરસના હાથમાં આવયો, અને "ક્રીસસ" ઇ. સ. પુ૦ ૫૪૬ માં કેદ પકડાયો. આ "ક્રીસસ" રાજાને માટે એવું કહેવાયલું છે કે, દુનયાના તે વખતના સઘળા બાદશાહો કરતાં તે બહુજ તવંગર હતો અને સાઇરસે તેની સાથે લડાઇ કીધી, તે આગમચ ગ્રીસ દેશનો "સોલન" નામનો નામીચો ફીલસુફ એકવાર "ક્રીસસ" ની દરબારમાં મુલાકાતે આવયો હતો. ક્રીસસે બહુ આદરમાનથી આ જાણીતા ફીલસુફને પોતાની દરબારમાં આવકાર દીધો અને તેને પોતાનો સઘળો ખજાનો દેખાડીને ક્રોસસે પુછ્યું કે, "દુનયામાં સઉથી સુખીમાં સુખી માણુસ કોણ?" આના જવાબમાં સોલને ગ્રીસ દેશના કોઇ બે અપ્રસીદ્ધ રહેવાસીઓનાં નામ દીધાં. પોતાનું નામ ન દેવાયલું જોઇને ક્રીસસ અજાયબ થયો અને તેને પુછ્યું કે, "શું મને એક સુખી માણુસ નથી ગણુતા?" સોલને જવાબ દીધો, "અએ પાદશાહ, કોઇપણુ માણુસ તેનાં મરણ આગમજ સુખી કહેવાઇ શકાયજ નહીં, કારણકે ભવીષયમાં તેનું શું થશે તેની તેને પોતાને ખબર નથી." આ જવાબથી ક્રીસસ બહુ અજાયબ થયો હતો.

આગળ જોઇ ગયા તેમ ઉપલી બીના બનયા પછી સારદીસની લડાઈમાં ક્રીસસ હારી ગયો, અને બંદીવાન થયો. સાઇરસે તેને જીવતો બાળી નાખવાનો હુકમ આપયો. આગળના વખતની રસમ પ્રમાણે એક મોટી લાકડાંની ચેહ ખડકી ક્રીસસને તેની ઉપર બાંધીને મુકવામાં આવયો. આ વેળાએ ક્રીસસને પોતાની આગળી અને હાલની હાલત માટેનો વીચાર આવ્યો, અને તેજ

વેળાએ તેને સોલનના બોલેલા બોલો યાદ આવ્યા. આથી દુખની અંદર તે સોલન! સોલન!" કરી પોકારી ઉઠયો. તેની આવી બુમોથી સાઇરસ અજાયબ થયો, અને તેને ચેહ ઉપરથી ઉતારીને છોડવાનો હુકમ કીધો. તે છુટો થયા પછી સાઇરસે તેને "સોલન" નું નામ પોકારવાનું કારણ પુછયું, આના જવાબમાં ક્રીસસે સોલન અને પોતાની વચ્ચે થયલી વાતચીત અને સોલને તેને સુખી ગણવા ના કહયું હતું તે સઘલું કહી સમજાવ્યું. માણસની જીંદગીમાં, થતા આવા ફેરફારો વીશે સાંભળયાથી સાઈરસનાં મન ઉપર બહુ મજબુત અસર થઈ, તેને ક્રીસસને માટે દયા લાગી. આથી તેણે ક્રીસસની જીંદગી બચાવી, અને તે દીવસ પછી ક્રીસસ જીવ્યો ત્યાં સુધી સાઇરસની દરબારમાં મુખ્ય સલાહકાર અને ઇરાંનીઓનો જાની મીત્ર થઇ રહયો.

સારદીસ શેહેર ફતેહ કીધાથી ઇરાંનીઓનાં હાથમાં બેશુમાં ખજાણો આવ્યો હતો, તે પછી સાઇરસે બીજા નાના નાના મુલકો જીતી લીધા. ત્યાર પછી તે બેબીલોન જેવાં મોટાં બલવંત રાજય તરફ ધસી ગયો. ગીનદીસ નામની નદી આગલ આવી ત્યાં થોડુંક સુધી થોભીને તેણે પાછી કુચ કીધી. જયારે તે બેબીલોનની નજદીક જઇ પુગ્યો ત્યારે ત્યાંના પાદશાહ નેબોનાદયસને આ વીષે ખબર પડી. આથી તે પોતાનાં મોટાં લશકર સાથે બેબીલોન શહેરની બાહર આવ્યો. ઇરાંની લશકર ત્યાં જઇ લાગતાંજ બંને લશકરો વચે એક મોટી લડાઇ થઇ જેમાં બેબીલોનીયન લશકર હારી ગયું, અને તેઓનો પાદશાહ નાહાસી જઈ શેહેરમાં ભરાઇ બેઠો. આથી સાઇરસે શેહેરની આસપાસ ઘેરો ઘાલયો. ઘણોક વખત સુધી તે ત્યાં પડી રહયો, પણ અંતે શેહેર ફતેહ કરી ત્યાંના પાદશાહને કેદ પકડયો. આથી બેબીલોન જેવું દુન્યામાં વખણાયલું શહેર સાઇરસને હાથ ઈ. સ. પુ. ૫૩૮ માં આવ્યું. આ ... ઇરાની રાજય દુન્યામાં બોહળા વીસ્તારમાં ફેલાઇ ગયું. એટલુંજ નહી, પણ દુન્યામાં ... કીરતીનું નામ શુરા સાઈરસે પહેલ વહેલું ફેલાવી મુકયું.

બેબીલોન શેહેર સાઇરસે ફતેહ કીધું તેની ૭૦ વરસ આગમજ ત્યાંના પાદશાહે યાહુદી ટોળા ઉપર ભારે જફા ગુજારી તેઓને પાયમાલ કરી નાખ્યા હતા, અને તેઓના ધર્મનાં પવીત્ર મુકાંમો પણ તારાજ કીધા હતા, તથા તેઓનો લાખો રૂપીયાનો માલ ખજાણો જપત કરી તેઓને બંધીવાન તરીકે રાખયા હતા. આ દુખી ટોળાને શાહનશાહ સાઇરસે બેબીલોન ફતેહ કરવા પછી કેદથી છોડવ્યા, અને તેઓને પોતાને વતન જેરૂસલમ ખાતે મોકલી આપ્યા, એટલુંજ નહીં પણ આગલા પાદશાહે તેઓનો જે માલ ખજાણો જપત કીધો હતો, તે પણ તેઓને પાછો આપયો, અને તેઓનાં પવીત્ર તારાજ થયલાં મુકામો પણ પાછાં બંધાવી આપ્યાં. આવી મોટી મહેરબાંની જોઇને યાહુદીઓ તેની ઉપર બહુ ખુશ ખુશ થઇ ગયા, અને પોતાનાં ધરમ સાસ્ત્રમાં તેની ઘણી સ્તુતી કરી ગયા છે એટલુંજ નહી પણ જે એલકાબથી તે રાતમાં હઝરત ઇસુને તેઓએ ઓળખયો છે, તેજ ખેતાબ તેઓએ સાઇરસને આપવાને કાંઇ અડચણ જોઇ નહીં. જે યાહુદીઓને સાઇરસે કેદમાંથી છોડવ્યા—તેઓની સંખયા ૪૨ હજાર ઉપરની હતી, એમ એક વીદવાન જણાવે છે. જરમન ઇતીહાસકરતા મો૦ નીબુહર સાઇરસને માટે વાજબીની રાહે બોલે છે કે "આ શાહનશાહતના તલલુદ થવાથી દુન્યાની તવારીખમાં ગોયા નવો સને થઈ ગયો છે." અને એની મોટી ફતેહોથી મો૦ કુલીનેત કહે છે કે, "તવારીખનું ગોયા હવે મંડાણ થાય છે, અને માણુસ જાત સુધારાનાં મેદાનમાં સાબેત કદમ ભરીને ગોયા આગલ ધસ્યું જાય છે, અને મુદલ પાછું હટતુંજ નથી. પોતાની આસપાસની સઘળી પ્રજાઓને જીતવી એવા વીચારથી તેઓ આગળ ધસ્યા જાય છે, અને સેમેટીક ટોળાઓપર એકદમ પડી જઇ તેઓએ આખા એશીયાખંડને જીતી લીધો છે, તો પણ તેઓ ધરાવતા નથી. એઓના દોરમાં ઉગમણુ ગોયા આથમણુ તરફ વધતું ગયું છે, અને હેલેસ્પોન્ટના દરીયા આગળ તો શું, પણ સાલામીસના કીનારા આગળ

આવીને પણ તેઓ અટકી શકતા નથી." આવી મહાભારત સાઇરસની ફતેહો હતી. વીદવાનો એને સીકંદર, શીઝર, તેમુરલંગ, અને નેપોલીઅન બોનાપાર્ટ કરતાંબી બહાદુર ગણી ગયા છે. એની કારકીરદી અને સ્વભાવ માટે વીદવાનો જણાવે છે કે:—"જાતે શુરો, મેહનતુ અને કુદરતી રીતેજ તે ચંચલ બુદ્ધીનો હતો; આથી પોતાની આસપાસની નબળી શાહનશાહતોને જીતી લઇ તેણે પારસી કીરતીનું નામ પહેલ વહેલું દુન્યામાં ચોમેર ફેલાવી નાખયું. સ્વભાવે થંડો, અને ખુશમીજાજી હોવાથી, તથા જરાએ મગરૂરી તેનામાં ન હોવાથી, તે આસપાસનાઓનું દીલ તરત જીતી લેતો હતો. જાતે દયાલુ સ્વભાવનો હતો તેથી દુશમનોને જીતીને તેઓને માફી બક્ષતો હતો તેથી સઘળી જીતાયલી પ્રજા એની ઉપર જાન ફેશાંની કરતી હતી. એની યાદદાસ્તશકતી એવી તો ચોકસ હતી કે પોતાનાં લશકરના તમામ મુખય માણસોને તે નજરથી તેમજ નામથી પીછાણી શકતો હતો. લડાઈની વેળા કાંઈક અડચણ આવી પડતી તો પોતાની ચંચળ બુદ્ધીથી તરત તેનો અટકાવ કરતો. એની તીક્ષણ બુદ્ધીથી એનાં દુશમનોનાં મોટાં લશકરો એની સાંમે ટકી શકતાં ન હોતાં." તવારીખનો પીતા હીરોડોટસ એની વખાણમાં જણાવે છે કે, "પાદશાહોમાં સાઇરસ એક નમુનો હતો," એણે પ્રજાનો તેમજ લશકરનો એકસરખો પ્યાર પોતા તરફ ખેંચી લીધો હતો; એ સઘળું તેના ઈનસાફ, દયા, ભલમનસાઈ, ઈજતનો બહુ ભુખયો, ગણીઆંન મેલવવાને ખંતી તથા મોટાં મનને લીધે હતું." પોતાથી જુદા ધર્મ પાળનારી રૈયતોને તેઓનો ધર્મ એ છુટથી પાળવા દેતો હતો, આથી તેઓ પારસી રાજય તરફ હમેશ વફાદાર રેહેતા હતા. એની બીજી મુખ્ય ખુબી એ હતી કે પોતે જીતેલા દેશોમાં રાજ્યના સઘળા ઓધા પોતાના જાતભાઇઓ આપી ન દેતાં ત્યાંના દેશીઓને પણ તે ઓધા તે આપતો હતો; આથી સઘલા દેશીઓ તેની જીભના વખાણ ગાતા હતા. તેની સખાવત એટલી તો હતી કે પોતાના મીત્રો તથા ગરીબ અને નાચાર રૈયતોને તે પોતાનો ખજાનો બક્ષેસ કરી દેતો હતો.

એ વીષે "બરેરયુદ" નામનો ગ્રંથકાર જણાવે છે કે, "જ્યારે પારસીઓના નામવર શાહનશાહ સાઇરસે એશીયા ખંડના જુદા જુદા દેશો ઉપર ફતેહ મેળવી, ત્યારે તેના હાથમાં એક અબજ, છવીસ કરોડ, બાવીસ લાખ અને ચાળીસ હજારની કીંમતનો ખજાનો આવયો હતો." પણ એ ઉદાર દીલનો અને પાક નઈયતનો પાદશાહ આ દુન્યાની દોલત માટે એટલો તો બેદરકાર અને મોટાં મનનો હતો કે સઘળો ખજાનો તેણે પોતાના મીતરો અને ખરા હાજતમંદ શખસોને વેંહેંચી આપયો હતો. એને આવો સખી અને ખરચાલુ જોઇને એક વાર એના મીત્ર ક્રીસસે ઠપકો આપીને કહયું કે, "એ નામવર શેહેનશાહ, કોઈ અગતની વેળાએ તારી તીજોરીનું તળયું આવેલું જણાશે, ત્યારે તું સખત ગરીબી હાલતમાં આવી પડશે, માટે જો જરા હાથ ખાંચીને સખાવત કરતો રહેશે, અને છુટા હાથથી લોકોને બક્ષવાનું બંધ કરશે, તો તારો ખજાનો થોડા વખતમાં આખી દુન્યાના પાદશાહો કરતાં મોટો ગણાશે." પાદશાહે તે સમજી જવાબ દીધો કે, "ખજાનાનો આધાર હું મારી રઇયતનાં જીગર અને તેઓના પયાર ઉપર રાખુંછું. મારી રઈયત એજ મારી દોલત છે. માટે તીજોરીમાં ખજાનો એકઠો કરવાની હું કશી ફીકર રાખતો નથી." આ માયાકુલ અને મોતેબર સખુનો આ જમાનાની જે સરકારો પોતાની રઇયતને ફકત નીચવી નીચવીને પોતાનું ભરત્યું કરે છે, તેવા સતાવાલાઓને ખુબ ગોખવા જોગ આ દાખલો છે. આવી મહાભારત સખાવતના દાખલા આપણને તવારીખના સફામાંથી કદાચજ મળશે; વળી આ દાખલાથી પારસી ટોળાને કાંઇ થોડી હરખાવાની વાત નથી. આજ સુધી પારસીઓમાં દયા અને સખાવતના ઝરાની જે અસર ચાલુ છે, તેનું મુળ ઉપલો પારસીઓનો નામવર શાહનશાહજ છે. આજ સુધી યુરોપના રહેવા-

સીઓ આપણને સાઈરસની જાતવાલા તરીકે ઓળખે છે. એવું નામ એ મહાત્માનું દુન્યામાં ચોમેર ફેલાયલું હતું. અસલી ખાલેશ જરથોસતી ધર્મ જેને મીડયન તાએફાવાલા એરીયન જરથોસતી ધર્મગુરૂઓએ વહેમનાં વમલમાં નાંખી બગાડી નાખયો હતો, તેને એણે મોટી મેહેનતથી પાછો અસલ ખાલેશ હાલત ઉપર લાવી મેલયો હતો. વળી તે પોતાના ધર્મ ઉપર કેવો ચુસ્ત હતો. તે વીષે યુનાની ગ્રંથકાર ઝેનોફન જેણે એનું જન્મચરીત્ર લખયું છે, તે જણાવે છે કે, "ઇરાની શાહનશાતનો સ્થાપનાર સાઇરસ ધર્મને માન આપી ઇશ્વરની ભક્તિ કરવા ઉપર એટલું તો ધયાન આપતો કે, તેણે ખાશ ધર્મગુરૂઓ નેમી ઘટતી ક્રીયાઓ સાથે સહવારને પહોર ઇશ્વરની ભક્તિ કરાવવાનું ચાલુ કીધું હતું. શાહનશાહ સાઇરસની આ ખુબીની સઘળે નકલ થવા લાગી, તમામ ઇરાનીઓમાં સવારમાં બંદગી કરવાનો રેવાજ ચાલુ થયો અને સાઇરસના જમાનાથી તે હાલના (ઝનોફનના) જમાના સુધી એ રેવાજ ચાલુ રહયો છે. પોતાની પ્રજામાં થયલી એવી રીતની એકીનદારીના વધારાથી સાઇરસ બહુ ખુશ થવા લાગયો; કારણકે તે કહેતો હતો કે, "જે પ્રજા ઇશ્વરનો ડર રાખી તેની પરસ્તેશ કરે, તે પ્રજા પોતાના હાકેમ તરફ પણ વફાદાર રહેવીજ જોઇયે." ઉપલોજ ગ્રંથકાર એ પાદશાહ પોતાની રઈયતનાં ભલાં માટે કેવો ખંટ રાખતો હતો, તે વીશે નીચે મુજબ જણાવે છેઃ—"તેણે એક દીવસ પોતાના અમીર ઉમરાવોને કહયું કે 'એક હાકેમ તે પ્રજાનો ગોવાળયો છે. માટે તેની ફરજ છે કે તેની રઇયત સલામતી અને સુખ ભોગવે છે કે નહી, તેની ખબર રાખવી. જંજાલ અને ચીંતાથી તેમને ખલાસ કરીને તે બોજો પોતાને માથે લેવો જોઇએ; તેમની આબાંદી [illegible] તેમનો વધારો એજ તેની ખુશાળી હોવી જોઇયે; તેમના બચાવ અને રક્ષણને માટે તણ[illegible]રીથી ઝીપલાવવું જોઇએ; તેમને સુખી કરવા માટે પાદશાહે તસ્દી ખેંચી લેવી જોઇએ, [illegible]કે એક માણસને પાદશાહી મળવાની મકસદ એજ હોવી જોઇએ.'" ઉપલો ગ્રંથકાર એ નામવર શેહેનશાહ વીશે બીજું એમ જણાવે છે કે, "સરવમાં પ્રીતી ફેલાવી મીત્ર કરી લેવાના ગુણમાં એના કરતાં વધારે કુસલ કોઈ હતું નહી. સરવેને કંઇબી મોજ મલે યા કંઈબી પોતાથી ભલું થાય એવું કરવામાં તે પોતાનો વખત કહાડતો હતો, પણ કોઇનાં બુરાંમાં તે ન હતો." ઉપલા વીચારો રઈયની કેવી ખેરખાહી ઇછનારા છે, તે ખુલ્લું માલુમ પડે છે. એ શાહનશાહ પોતાની મોટી જાહોજહલાલીથી છલકાઈ ન જતાં સાદો ખવાસ રાખતો હતો અને એના આવા ગુણથી એની રઈયતે એને પોતાના પીતા તરીકેનો ખેતાબ આપ્યો હતો. આવી એની નેકીની નકલ કરવા યુનાની ગ્રંથકારો પોતાની જાતવાલાઓની આગલ ગોયા એક નમુના તરીકે એને ધરી ગયલા છે. એની પહરેજગારી એવી હતી કે એની કાસનદાને નામની ઘણીજ ખુબસુરત ઓરત કે જે ફારનાસપીસ નામના એક હખામની શાહાજાદાની બેટી હતી, તે તેની હઈયાતીના ઘણાં વરસ અગાઉ બે બેટા અને તરણ બેટી મુકી મરણ પામી, તે છતાં એણે બીજી ઓરત કીધી ન હતી. એ નામવર શાહનશાહ એટલોતો દયાળુ હતો કે પોતાના જોરાવર દુશમનોને લડાઈમાં હરાવીને કેદ પકડતો હતો, છતાં પાછળથી તેઓ ઉપર દયા લાવી તેઓને છોડી મેલતો હતો. જેમ ક્રીસસ જેવા બળવાન પાદશાહને તેણે કેદ પકડી પાછળથી તેની ઉપર દયા લાવી તેને છોડી મુકયો હતો, તેમજ પોતાના મમાવા એસ્તાયજીસનું રાજ્ય ફતેહ કરવા પછી તેને પણ તેણે કેદ પકડયો હતો, પરંતુ પાછળથી તેને છોડી દઇ તેના દરજજા મુજબ તેને એશઆરામમાં રાખ્યો હતો. એજ મુજબ બેબીલોનના પાદશાહને લડાઇમાં કેદ પકડયા પછી તેની આગલી જાહોજલાલી ધ્યાનમાં લઈ તેને કેરમાન્યા પ્રાંતનો હાકેમ ઠેરવયો હતો. વળી "સકી" લોકો જે તુરાની અફરાબશીયાબની જાતવાલાઓ ઉપર ફતેહ મેળવીને તેણે તેઓના પાદશાહને કેદ પકડયો હતો. પણ તેની ઉપર દયા કરી તેનું રાજય તેને પાછું બક્ષયું હતું. એજ મુજબ

"મેસાગેટી"ની રાણી તોમાઈરીશનું રાજય જીતી લઇ એ લડાઇમાં તેના શાહાજાદા સપારગે પીસસને કેદ પકડયો હતો, તે વેલા તે શાહજાદાએ બુહુ કાકલુદી સાથે અરજ કીધાથી તેનો ગુનાહ માફ કરી, તેને જીવતદાન બક્ષીને તેની મા આગળ જવાની તેને રજા આપી હતી. એ પાદશાહ એવો મોટાં મનનો અને દયાળુ જીગરનો થઈ ગયોછે કે, એના જેવા ખુબીવંત અને દયાલુ પાદશાહો થોડાજ થઈ ગયા હશે. એ મહાત્મા શાહનશાહ ઇ૦ સ૦ પુ૦ ૫૨૯માં ૭૦ વરસની ઉમરે મરણ પામ્યો. એણે ૨૯ વરસ રાજય કરયું હતું. એ મરણ પામ્યો તે વેળાએ એનાં રાજયનો વીસ્તાર ઉતરે છેક મેસાગેટી પ્રજાના મુલકની સરહદથી તે દક્ષીણે ઇરાંની અખાત સુધી અને ઉગમણે સીંધુ નદીથી તે આથમણે ભુમધ્યસમુદ્રમાંહેલા ટાપુઓ સુધી વધી ગયો હતો. એનું દોખમું પસાર ગદા (મુરગાબ) નામની જગો આગળ હજી પણ મુસાફરોના દીઠામાં આવે છે. એનાં દોખમાં ઉપર એક લેખ હતો, જે ઉપર નીચે મુજબ લખેલું હતું, એમ 'સ્ત્રેબો' નામનો યુનાની મુસાફર ગ્રંથકાર જણાવી ગયો છે:—

"અએ માણસ! હું સાઇરસ છું. મેં ઈરાંની શાહાનશાહતનો પાયો નાખયો હતો, અને હું એશીયા ખંડનો માલેક હતો. માટે હવે આ થોડી માટી જે હાલ મારાં મરણ પામેલા શરીરને ઢાંકે છે, તેના ઉપર ખુદાને ખાતર હસદ ના કરતો."

—— :o: ——

સાસાન્ય વંશના જગપ્રસીધ્ધ શેહેનશાહ નોશીરવાન આદલે બંધાવેલું એક માહાભારત આતશખાનું અને તેને લગતો જાણવાજોગ હેવાલ.

ઇરાનનો અદલ પાદશાહ નોશરવાન ઇસવી સન ૫૩૧ માં તખતે બેઠા પછી પોતાના રાજના અમલમાં બાંધેલાં એક આતશખાનાંનો અજબ જાણવાજોગ હેવાલ એ મીશાલનો મલી આવેઓ છે કે એ પાદશાહે ફારસ શેહેરમાં આવેલા કોહેબલાંગ નામના પાહાડ ઉપર એક આતશખાનું બાંધયું હતું. તેનું નામ "આદર ગોશીદ" અથવા "આદર નોશીદ" રાખયું હતું. એ પાદશાહ ઇસવી સન ૫૭૯ માં મરણ પામીઓ હતો. હવે જેવારે ઇરાનનું રાજ તેના છેહલા પાદશાહ ઇઅજદેજરદના હાથમાંથી અરબ લોકોએ છીણવી લીધું તેવાર પછે કેટલીક મુદતે તે મુશલમાની રાજના અબુલખેર અમરી નામના એક શરદારને ઉપલા નોશરવાંનનાં આતશખાંના વીશેની ખબર થઇ તેવારે તેની એટલીતો શેફત તેને સાંભલી કે તે આતશખાનું પોતે જોવાની ખાહેશ કીધી. તે મુજબ તે આતશખાનું તે અમીર જોવા ગયો હતો તેનો હેવાલ તે પોતે લખી લાવયો હતો. તે ઉપરથી દશતુર દારાબ હોરમજદીઆર નામના એક કાબેલ શખસે યજદેજરદી ૧૦૪૯ ના શાલમાં એક રેવાએતનું મોટું પુશતક બનાવીને તેમાં ઉપલાં આંતશખાનાનો હેવાલ એ મીશાલ લખેલો છે કે:—એ આતશખાનું જોવા શારૂ પેલો અમીર નીકલેઓ તે જેવારે પેલા કોહેબલાંગ પાહાડની નજદીક જઇ પોહોંચેઓ તારે સઘલી તરફથી તે પાહાડને તપાશી જોતાં તેણે એવું માલમ પડયું કે એ ફરશંગ (૬ માઇલ) તલક તે પાહાડ પર જવાની એકજ સાંકરી ગલીનો રશતો હતો, તે રસતો એવોતો ખરાબ અને બીકટ હતો કે એકાએક તે પાહાડની બુલંદી ઉપર કોઇથી જઇ શકાય નહીં. એવી તરેહનો તે રસતો પુરો થતાં એક ઘણો બુલંદ અને ઊંચો એવાંન બાંધેલો હતો અને તેમાં જવા શારૂ લાકડાંનાં ઘણા મજબુત અને ઉંચા પુલો બાંધેલા હતા તે એટલા સારૂ કે તે (જરથોશતી) લોકોની પાદશાહીમાં હરેક કોઇ શખસ તે પાહાડ પર વગર રજાએ અથવા કોઇ

લશકર શાથે જવા ચાહેતો તેને તે ઊંચા પુલો ઉપર આદમીઓ ઉભાં રહીને તીરો વડે શીવી નાખતા; તેથી તે જગામાં કોઇ વગર રજાએ જઇ શકતું નહીં હતું. અબુલખેર અમીરે એવું દરાંમણું જોઇને કહયું જે મુસલમાન લોકોની આવી જાહોજલાલી શાથની પાદશાહી છે તો પણ હું ધારૂંચ કે અતેઆર શુધી કોઇ શખસ એ જગાપર આવેઓ નહી હશે. જાહારે પેલા પાહાડની બુલંદીપર તે જઇ પોંચેઓ તાહારે તે આતશખાનાંનાં મેહેલની આસપાસ બાહેરથી ફરવા લાગો. તાંહાં આઠ જુદા જુદા મેહેલો અથવા મકાંનો તેણે જોયાં. તો એકકા મેહેલને ૨૦ વીશ ઠાંમ પીતલ તથા ત્રાંબાનાં હતા, અને તે આતશખાનાંનાં મેહેલની ઉપરની બારીઓ રૂપાંના પતરાંઓ વડે જડેલી હતી, તથા નીચેનાં દરવાજા લોહોડાંના હતા. તે એવાંન ઘણું ઉંચું અને બુલંદ હતું. તે મેહલની લંબાઇ તથા પોહોલાઇ ૧૨૮ ગજ * ની હતી. તે બુલંદ એવાંનમાં એક અતી ઘણો મોહોટો ઘુંબજ બનાવેલો હતો. તે ૩૦ ગજ શમચોરસ હતો, તે ઘુંબજને બાહારથી આઠ બાજુ ઉપર રૂપાંની આઠ શીડીઓ બનાવેલી હતી. તે એટલા શારૂ બનાવેલી હતી કે તે આતશનું પાતરૂં ગાયનાં તખત ઉપર મુકેલું હતું. તે ઘણું ઉંચું હતું, તેથી હરેક આદમીને તે આતશ બરાબર નહી દેખાય તે માટે તે શીડીઓ આઠ બાજુપર શરવેકોઇને વાશતે પાદશાહ નોશેરવાને બનાવેલી હતી કે તેથી મધેઅમ તથા ઉંચાં માણશોને બંદગી કરવાને શેહેલ પડે. તે ગુંબજની અંદર આઠ શુંનાની ગાયનું એક તખત

... હ. તે દરેક ગાય વજનમાં ૮૦૦ આશરા મણની † હતી. ... માંની

... હું દખણ દશા તરફ રાખેલું હતું અ... તેની આંખમાં હીરે ...

... ૫ તોલા ૬ મીશકાલની ‡ વજનનો હતો. એ ગાયનું મોહોડું પુ...

... હતું અને તેની આંખમાં ઇઆકુત જડેલાં હતાં. દરેક ઇઆકુત ૩ મ...

...કનુ હતું. એ ગાયનું મોહોડું આથમણુ દશાની તરફ રાખેલું હતું અને તેના...

...મરૂત ૨ મીશકાલની વજણનું હતું. અને એ ગાયનું મોહડું ઊતર દશા તરફ રાખેલુ અને તેની આંખમાં લાલ યાકુત જડેલાં હતાં. તે હરેક ઈઆકુત ૧ાા મીશકાલની વજણનું હતું. તે આઠે ગાયનાં તખતની વચમાં એક શુનેરી ઠામ બનાવેલો હતો અને તે ઠાંમ સાથેનાં તખત ઉપર એક આતશનું પાતરૂં મુકેલું હતું, તે પાતરૂં પાંચ ગજ ઊંચું હતું. અને તેની લંબાઇ તથા પોહોલાઇ ચેઆર ગજની હતી. અને તે પાતરાંને બાહેરથી જડાવદાર ગોહરો જડેલાં હતાં. તે એવી તરેહથી જડેલાં હતાં કે તેની તારીફ અને વખાણુ થઇ નહીં શકતી હતી. તે બુજરોગ આતશનાં પાતરાંમાં ચેહારે તરફ ચેઆર જુદા જુદા આવશો રોશન હતા. તે દરેક આતશનો શોલો કાઠી સાથે એક ગજથી વધારે ઉંચો હતો. તે આતશનાં પાતરાંની ઉપર ગુંબજ સાથે લટકતું એક જડાવદાર તાજ હતું. તે આતશના પુજારા (બોયદેનારા) સઘલા મલીને ૩૨) દશતુર તથા મોબેદો હતા ને સઘલા " આદર ગોશીદ " અથવા " આદર નોશીદની " ખીદમત કરતા હતા અને તેવો અતીઘણી પરેજગારીનો (યાને બુજોરોગ બરશનુમનો) પાક અમલ રાખતા હતા. તે અમલની બરકતથી તે આતશખાનામાં ઈજશને વંદીદાદ-વગેરેનું સઘલું કામકાજ કરતા હતા. અને આતશખાનાંમાં બાલવાની કાઠીઓ એક જગો ઉપર ઘણીજ શુકી અને ખુશક પડેલી હતી. તે જગામાં આઠ એવાંન અથવા ઘેરો જે જુદાં ...ાં બનાવેલાં હતાં તે તે જગાનાં દશતુર તથા મોબેદો જેવો હમેશાં આતશની ખીદમત ચાકરીમાં હતા તેવોને રેહવાને વાસતે બનાવેલાં હતાં. અબુર ખેર અમીર એવું કહેચ

---

* ગજ ૪૦૦ નો એક માઇલ થાય છે.

† દરેક મણનું વજણ હાલના આપણા રાવારીથી તે ૩ા શેર સુધીનું થાય.

‡ ૪ માશાથી તે ૪ા માશા સુધી થામ્મ તથા તોલો એકનાં ૩ મીશકાલ થાય.

કે એ ઉપર લખેલી સઘલી હકીકતમાં પેલાં આતશખાંનાનો અંદરનો ગુમબજ તથા તે આતશખાનાનો એવાંન તથા અંદરનું આતશનું પાતરૂં તથા તેની નીચે જે ગાયનું તખત હતું તે તથા તેની ઉપરનું જડાવદાર તાજ તથા આતશની સનમુખ ઉભા રહીને કેબલો કરવાને વાસ્તે જે રૂપાંની રીડીઓ ઉંચી બનાવેલી હતી તે તથા તાંહાંનો પાદશાહી લાએક બીછાવેલો મશીયો એ સઘલું મેં મારી નજરે કાંઇ જોયું નહીં હતું પણ તે સઘલી બીના મોબેદ "રામશ આરાંમ" કે જે તે જગોમાં સઘલાઓ ઉપર દશતુરીનો મરતબો રાખતો હતો તેણે મેલા પાહાડપર મને કહી હતી. તેઆર પછી મેં પેલા દશતુર મોબેદો સાથે એલમ હુનરની ઘણીએક તકરારો ચલાવી; તેમાંથી મને એવું માલમ પડીઉં કે તે સઘલાઓ એલમ હુનર અને દાનાઇમાં પુરા પોહોંચેલા અને કાબેલ એકકા હતા. તે સરવે કોઇ ઉપર તે જમાનાનો કાબેલ એકો મોબેદ રાંમશ આરામ નામનો હેરબદ કે જે તેવોની (પારશી લોકોની) દીનનો પેશવા હતો, તેને મેં પુછેઉં કે તમારી પાશે જે કેતાબો છે તેમાં કઈ કેતાબને તમે ખુબ અને શારી કરીને જાણોચ તે મને કહો. તારે રામશ આરાંમે મને જવાબ દીધો કે હમારા મજબની કેતાબો મારી પાશે ઘણી છે અને તે એક એકથી અતી ઘણી ઓતંમ અને શરશ છે, અને તેમાં થોડાંએક હરણના પોશતો અથવા ચાંમડાંઓ ઉપર પેગંમબર હજરત જરથોશ્તનો દશમો શાગેરદ "વનનદ હોરમજદ" નામનો હતો તેણે લખેલાં છે. એટલું કહીને

પેલાં લખેલાં હરણના પોસતો લ વીને અબુલખેર અમરીને આગલ મું ાં તે

નીરે ૧ઇને કહીઉં કે એ તો અસલી પેહલવી જુબાંનમાં પેહેલવી હ

તે સઘલાં પોશતો તેણે મોબેદ રાંમશ આરાંમનાં હાથમાં પા

એ સઘલું મેહેરબાંની કરીને મને વાંચી સંભલાવ. તે પરમાણે તે ાં

તમાં ઘણીએક બનવાની વાતો લખેલી હતી. વલી બીજી એક કેતાબ "

હઉનાન દશતુર કે જે આદેલ પાદશાહ નોશેરવાંનનો વજીર હતો તેનું જોડેલું હતું

તે નામાં મધે કેટલીએક તવારીખની વાતો પાદશાહા નોશેરવાંનનાં જમાનાની લખેલી હતી અને બીજી ઘણીએક નશીઅતો હતી. તે શરવે બીના મોબેદ રામશ આરામ દશતુરે અબુલખેર અમરીને વાંચી સંભલાવી હતી. અબુલખેર અમરીએ તે નામાંની સઘલી હકીકતો શાંભલીને પછે રાંમશ આરાંમને ઘણીએક ઇજત તથા હોરમતથી કહ્યું કે એ કાબેલ દશતુર એ નામું પેહલવી જુબાંનમાં લખેલું છે, તેને તું મેહરબાની કરીને હવડાંની આલી ફારસી જુબાંનમાં સઘલો તરજુમો કરીને મને આપ કે જેથી તારી ઇઆદગારી અંદેશેકાલ શુધી રહી જશે. પછી તેણે તે સઘલો તરજુમો ફારસી જુબાંનમાં પેલા શાહજાદાને કરી આપેઓ કે તે નામું જે કોઇ વાંચે તે તમાંમ આગલી વાતોથી તથા એલમ હુનરની બાબદોથી અનજાણો નહી રેહે. પછી તે શાહજાદો પેલાં આતશખાનાંને બાહેરથી રૂજદો કરીને તે જગાપરથી પાછો ફરેઓ અને ઇરાન શેહેરની તરફ રવાંના થયો.